(સચિત્ર) — મોતીની માળા યાને :— (છુપી પોલીસ)

મહાદેવીના મૂર્તી.



[ચિત્રની સમજુતી માટે વાંચો પૃષ્ઠ —]

—: ૐ :—

"શ્રી નવજીવન પુષ્પ-વાટિકા"... ......"પુષ્પ-૭મું."

શ્રી સરસ્વત્યૈ નમઃ ।

મોતીની માળા

—: અથવા :—

"મહાદેવીની મૂર્તિ."

(એક રહસ્યમયી કાલ્પનિક ડિટેકટીવ નવલકથા.)

પ્રયોજકઃ—"પુષ્પ."

પ્રકાશકઃ-

હરિલાલ જીવણલાલ ઠક્કર.

"શ્રી નવજીવન પુસ્તકાલય." ટાવર રોડ—સુરત.

પ્રથમાવૃત્તિ.] ઈ. સ. ૧૯૨૬. [પ્રત ૨૦૦૦

મૂલ્યઃ—૦-૮-૦.

અનુક્રમણિકા. :—

મુદ્રણાલય:—શ્રી "શંકર" પ્રીન્ટીંગ પ્રેસ.
મુદ્રક:—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.
મુદ્રણસ્થાન:—ચૌટાના પુલ ઉપર, ટાંકી પાસે–સુરત.
પ્રકાશક:—હરીલાલ જીવણલાલ ઠક્કર.
"શ્રી નવજીવન" પુસ્તકાલય. ટાવર રોડ, સુરત

"બે બોલ."

પ્રિય વાંચક બંધુ!

ત્હારા કરકમળમાં આ મ્હારી અઢારમી એટલે બારમી ગદ્ય–કૃતિ.

લેખક તથા પ્રકાશક ઉભયના નામો જળવાય, એવું અમારી આ સાહિત્યમાળાનું નામ "શ્રી નવજીવન પુષ્પ–વાટીકા" રાખવામાં આવ્યું છે.

એ વાટિકામાં મ્હારા પ્રિય પ્રકાશક બંધુ હરિલાલ જીવણલાલ ઠકકરની માળી તરીકેની કારકિર્દીમાં આ સાતમું પુષ્પ આજે જનસામાજના દીલ પોતાની સુધા સમ પ્રિય પરિમલથી જીતવાં અને મ્હેંકાવવા સંપૂર્ણ પ્રફુલ્લો બ્હાર પડે છે.

અમારી "પુષ્પ-વાટિકા" તરફથી (૧)સરોવરની સુંદરી. ભાગ-૧. (૨) ભાગ–૨. (૩) અભાગીની લક્ષ્મી. (પદ્ય) (૪) ઝેરની પ્યાલી. ભાગ–૧. (૫) ભાગ–૨. (૬) દાનેશ્વરી કર્ણ. (પદ્ય) મળી છ પુષ્પો અત્યાર સુધીમાં બ્હાર પડી ગયા છે.

એનું પાન કરી ચૂકનાર હવે એનાથી અજાણ્યા નથી. આશા છે કે અમારાં એ છ એ ફૂલડાંને સહર્ષ આવકાર આપી ઉત્તેજનથી વધાવી લેનાર જનસમાજ આ સાતમા પુષ્પની પણ યોગ્ય કદર કરી અમારા ઉત્સાહમાં નવજીવનના પૂર વ્હેવડાવશે.

પરન્તુ આ બધું કોને પ્રતાપ! એક લેખક તરીકે નહી, પરન્તુ સાચ્ચા સ્નેહી, અગર એથી આગળ વધી લખું, તો સગ્ગા ભાઇ તરીકે શાહી, મ્હારી ઉછળતી, અને બાલીશ કલમને આશરો અને ઉત્તેજન આપી ભર યુવાનીમાં અજ્વાળવા મથનાર પ્રિય પ્રકાશક બંધુ હરિલાલને જ એનું માન અને ધન્યવાદ ઉભય ઘટે છે.

પ્રભો! અમારાં એવાં સ્નેહ–ભાવ અને સદ્‌ભાગ્ય સદૈવ કાયમ રાખી ઉત્તમોત્તમ સાહિત્ય–સેવા કરવા સદ્‌બુદ્ધિ, સામર્થ્ય, અને સાનુકુળ સમય દે! એજ એક માત્ર યાચના–નમ્ર પ્રાર્થના.

સંવત્ ૧૯૮૨ મહા સુદી પ્રથમા.	ભવદીય, સાહિત્યપ્રેમી–"પુષ્પ." ગમનલાલ હીરાલાલ બદામી.	વાડીફળીઆ પગથીઆ શેરી, સુરત.

-શ્રી-

સમર્પણ.

-ૐ-

ભાઇશ્રીઃ—ખુશાલભાઇ લલ્લુભાઇ પટેલ.

શ્રીનિવાસઃ—નાર.

અહોભાગ્ય આજ અમારાં કે ઈશ્વરકૃપાથી "શ્રી નવજીવન પુષ્પવાટિકા"નું આ સાતમુ પુષ્પ પોતાની મ્હેંક જનસમાજમાં પ્રસરાવવા બ્હાર પડે છે. આપના ઉ-તેજનરૂપી જળસિંચનથી હે માળી! આ ફૂલડું ખીલ્યું છે, એટલે એનું ઋણી જીવન તમારાજ કરકમળમાં અર્પણ થવું શોભે!

આશા છે કે અમારી પુષ્પવાટિકા આપના શુભ હસ્તે, આવા એક નહિ પણ અનેકધા પચરંગી પરિમલભીના પુષ્પોથી શોભે, મઘમઘે, ઉભરાય, અને હૈયાં ઠારે!

જીવનદાતા! એના જીવનને પણ હવે જરૂર સંભાળજો. જોજો ભૂલતા.

આપનો સદાનો સ્નેહભીનો સ્નેહી,

હરિલાલ જીવણલાલ ઠક્કર.

મોતીની માળા

—: અથવા :—

"મહાદેવીની મૂર્તિ."

પુષ્પ:—૧ લું.

" કુમારિકાનો ભોગ."

"ચાલ ! જલ્દી કર. કેટલી વાર ?"

"બાઇ ! મ્હારા બેજ શબ્દો સાંભળી લ્યો. હું વધારે કે'વા નથી માગતી."

'મ્હારે ત્હારૂં કંઇજ સાંભળવું નથી. બસ, ઘુંટણીએ પડી એકદમ ગરદન નમાવ." માતાના મંદીરનો શયતાન પૂજારી લાલચોળ આંખે ગર્જ્યો.

"ઓ બાઇ ! મ્હારો ભોગ ન આપો. હું મ્હારા બાપને એકની એક છું. હાય ! મ્હેં આશાભરીએ હજુ સંસારમાં પૂરૂં પગલું પણ નથી મૂક્યું. હું હજુ કોઇની કુમારિકા છું.

આ જન્મ લઇ સંસારમાં મ્હેં કાંઇ પણ જોયું નથી,
ત્યમ પારકી નિન્દા કરીને પાપ પણ ધોયું નથી.
કંગાલ તેમ કુબેરનું કંઇ કોઇનું ખોયું નથી,
નિર્દોષ મ્હારા હાથથી કોઇ હજુ રોયું નથી.

હું તો હજુ ન્હાની છું. મ્હારી કુમળી જીવનવેલીને આમ ખીલતી યુવાનીમાં ન છૂંદી નાખો. હજુ તો...

સંસારના સ્વર્ગીય સ્વપ્નાઓ મ્હને આવ્યા નથી,
સ્નેહના સંદેશ કોઇએ મ્હને કાંવ્યા નથી.
આખાં જગતને જોઇ લેવા આ નયન ફાવ્યા નથી,
દુ:ખના દિવસ આવ્યા પ્રભુ ! કોઇ દિવસ ભાવ્યા નથી.

મ્હેં કોઇનું કશું પણ નથી બગાડયું. છતાં મ્હારા ઉપર આ આફત શા માટે ! ભાઇ !

જન્મતાં સાથેજ મ્હેં માતા સગી પણ ખોઇ છે,
મીઠી મધુરી ગોદ એની મ્હેં જરા ના જોઇ છે.
હતભાગીની દરરોજ આ સંભારી એને રોઇ છે,
આલમ વિષે હું એકલી ઇશ્વર વિના (મ્હારે) નહી કોઇ છે.

બાંપ જેવા બાપ હતા, ત્યારે તે પણ ખોટે રસ્તે ચઢી, તેમની આ એકની એક યુવાન દીકરીને દયાસિન્ધુની દયા ઉપર છોડી મનમાં મચ્યું ત્યાં ચાલતા થયા.

રે'વું પરાયે ઘેર ! ભોજન પણ પરાયું ખાઉં છું,
માલીક ત્હારી ! મ્હેરબાની પર જીવન નિભાવું છું.

અફસોસ ! જન્મ–અભાગણી હું હાય ! જ્યાં જ્યાં જાઉંછું,
હડધૂત ત્યાં ત્યાં કૂતરી–માફક બધે હું થાઉં છું.

માતાપિતાહીન સંતાનને કોણ બોલાવે ? એનો ભાવ કોઈ ન પૂછે. એની દયા કોઇને નહી આવે. કેવળ એક કરૂણાનિધિને !

લ્હાવાં લલિત મ્હેં લગનના એકે હજુ લૂટયાં નથી,
મ્હોઆતતણા અંકુર મીઠાં અંતરે ફૂટયાં નથી.
નયને નીતરતાં શર્મ ને નિર્દોષતા ખૂટયાં નથી,
સૌન્દર્યના તીરો હજુ આ અંગથી છૂટયાં નથી.

હું કુમારિકા હોઇ કન્યાભવમાં છું. મ્હારા મનના કોડ હજુ કશાંયે નથી પૂરાયાં. જોયું છે પણ નહી જેવું. અનુભવ્યું છે, પણ બહુજ ઓછું. ચાખ્યું છે, પણ સ્વાદરહિત.

મ્હને જીવવા દયો. હું તમારા અને તમારી દેવીના બંનેના ચરણમાં પડી, કાલાવાલા કરી એટલી ભીક્ષા માગું છું, કે મ્હને જીવવા દયો. જો કે દુનિયામાં મ્હને મ્હારૂં કહેનાર કોઇ નથી, છતાં પણ મ્હને મરવું નથી ગમતું. જીવીને આ જગત્ જોવાની મ્હને બહુ હોંસ છે."

"શું ધૂળ હોંસ છે ! આ જગત્‌માં એવું તે શું ભર્યુ છે ! કે જે જોવાને તું ત્હારૂં આવું અભાગી જીવન લંબાવવા માગે છે !

સાકર નથી સંસારમાં ! સર્વત્ર કડવું ઝેર છે
નહી સંપ શોધ્યો સાંપડે વ્હાલા વિષે પણ વેર છે.
ધોળે દિને ધાડો પડે હરપીણ કાળો કેર છે,
ન્યાયી ગણાતા રાજમાં પણ પોલ ને અંધેર છે,

દયાના ભંડાર ખૂટયાં. દાતાર મરી પરવાર્યાં. અગર તો પોતેજ યાચક બન્યા. ધર્મ ધોવાઇ ગયો. પૂણ્ય, પ્રેમ, તથા પવિત્રતાનો પરલોકવાસ થયો.

> વ્હાલા વિષેથી વ્હાલ ને વિશ્વાસ એ બંને ગયાં,
> રાજા અને રૈયત હવે નહી કોઇ કોઇના રહ્યાં.
> પાપ છે, પરમેશ નથી પૂણ્યના અવસર વહ્યાં,
> પ્રેમ જઇ પૈસા અને પાખંડના રાજ્યો થયાં.

બોલ ! એ બધું જોવાને ત્હારે જીવવું છે ?"

"હા ! હા ! એવું તો એવું. એ પણ મ્હારે જોવું છે. શું એમાંથી કંઇકે નવીન જાણવાનુ, નવીન શીખવાનુ, નવીન સમજવાનું અને નવીન અનુભવવાનુ નહી મળે ? ઇશ્વરની ચિત્રવિચિત્ર લીલાથી ભરેલી આ ભુમિમાં એવું એવું જોવાનો વખત વરંવાર નહી આવે. આ મોંઘી મનસા દેહ કંઈ ફરી ફરીને થોડી આવવાની છે ? માટે ! મ્હને ન મારો. મ્હારે પેટ ભરીને એ બધું જોવું છે. ભાઇ !

> કુમારી છું, મજા' ને મશ્કરીમાં મન હજુ રમતું,
> અસમજુ એક બાળક છું, રમતમાં ચિત હજુ ભમતું.
> નયનમાં શર્મ નીતરતી...હૃદય ક્યાંયે નથી નમતું,
> મરણ આવી યુવાનીમાં મ્હને બિલ્કુલ નથી ગમતું.

ભાઇ ! છેકજ નિષ્ઠુર ન થાવ. આ કમનસીબ કુમારિકાનું કરુણ કૈંવુ કંઇક તો કાને ધરો !

> કરમાવશો ના કોઇની કૂમળી કળી આશાભરી,
> કરમાવશો ના સ્પર્શીને કો શુદ્ધચરિતા સુન્દરી.

સારા બનો સમજુ ! નઠારા કામથી ચાલો ડરી,
એ યાદ રાખો ! નામ સૌ (ના) નોંધી રહ્યો છે શ્રી હરિ,

આટલું તો કદી પણ નહી ભૂલતા. હમેશાં ગોખી રાખજો. હૃદયમાં કોતરી રાખજો.

ફૂંક મારી કોઈના નહી પ્રાણ–દીપ બૂઝાવજો,
ન્હાના અને નિર્દોષને નહી ધાકથી ધ્રૂજાવજો,
હાથે કરી માથે પ્રભુનો કોપ ના ઉતારજો,
શયતાનની પણ જો બને તો જીંદગી સુધારજો.

શુભ કામે સંસારમાં વધે કીર્તિ ને નામ,
ઓળખી ચાલે ઈશને પ્હોંચે અક્ષય ધામ.

માટે ભાઇ ! મ્હારૂં કહ્યું માનો. હું આપનો આભાર જીવનભર નહી ભૂલું. "

"ઉગરવાનો આરો એકજ છે. અને તે, હું જે કહું એ કાર્ય કરવા આ મહાદેવીના પગમાં પડી આકરા સોગન ખા. પ્રતિજ્ઞા કર, કે પૂજારી મહાશયની ગમે એવી ભયંકર આજ્ઞાનું પાલન કરવા હું તન–મન અને વચનથી બંધાઉં છું. "

"એ કેમ બને ? મ્હારૂં પવિત્ર દીલ પાપને પ્રોત્સાહન નથી, એ તો હરહંમેશ પવિત્ર અને પૂણ્ય નામોજ જીહ્વાએ જપે છે."

"તો મ્હારી આ મહાદેવીને પણ આવા ત્હારા જેવા કુમારિકાનાજ ભોગ ખપે છે. સમજી ?"

"એ તે તમારાં કેવાં નિર્દય માતા ! પુત્રના (મનુષ્યના.) વધ, હિંસા, ભોગ અગર તો એના ઉષ્ણ આસ્વાદમાં લોહીથી તૃપ્ત

થનાર માતાને માતા અને મહાદેવી જેવાં પવિત્ર સંબોધનો ન શોભે! એવાં દાનવી દીલમાં દૈવી ગુણ ન હોય! સાચાં દેવદેવીઓના દીલમાં તો દયાનો વાસ હોય છે. આવી નિષ્ઠુર રાક્ષસી ઇચ્છા તેઓને નજ હોય.

નિષ્ઠુર એવી માત કઇ? જે પુત્ર–હિંસા ચ્હાય છે?
રે! પેટના સંતાનના લોહી પીવા લલચાય છે?
માળી કયો છે ક્રૂર કચડી ફૂલ જે હરખાય છે?
શું દીનને રંજાડવામાં દેવ રાજી થાય છે?

ના. ના. વાચાહીન પશુના લોહીની આ દેવીઓ તરસી નથી. એ તો તમે પોતેજ લઇ પડયાં છો.

મ્હાદેવીના મંદીરમાં બળિદાન આ દેવાય છે,
હત્યા કરોડો જીવની "છે ધર્મ" કહીને થાય છે.
આ દેવને નામે બધાં ઢોંગી ધતીંગ કરાય છે,
એથી અમારા દેવનું દૈવત્ત્વ ઓછું થાય છે.

દેવ–દેવીઓ હવે તમારા–દયાહીનના દેશમાં રે'વા પણ નથી ઇચ્છતા.

કલ્પિત આવાં ફારસો આમ દેશમાં ભજવાય છે,
જે ધર્મ હિન્દુ કોમનો અફસોસ! તે લજવાય છે.
ઉંડાણમાં ઉતરી જુઓ (તો) કાળાં તમારાં કામ છે,
ને નિષ્કલંકીત દેવ દેવીના નકામા નામ છે.

વમેજ માતાને નામે આ ન કરવાના કામ કરી નિર્દોષ પશુ અને માનવ જીવનમાં આગ લગાડો છો. હાથે કરીને બિચારાં આર્ય–દેવ દેવીઓની મહત્તા ઘટાડો છો. અરે! તમારા પોતાના સ્વાર્થને ખાતર નકામા એમને બદનામ કરો છો–વગોવો છો."

"એમાં અમને શું હાંસલ ? ઉલ્ટાં દેવ–દેવીઓને પોતાના પ્રાણુના બલિ ચઢાવનાર સ્વર્ગે જાય છે, સ્વર્ગે, સમજી !"

"કોણે કહ્યું ? કોણ જોવા ગયું ? કોણ જોઇ આવ્યું ? જો એમજ સ્વર્ગે જવાતું હોય, એમજ સ્વર્ગ મળતું હોય, તો વર્ષો સુધી તપ કરનાર, અને મહીનાઓ સુધી માળા ફેરવનારા મૂર્ખ. ખરું ને ? વારુ ! તમે પોતેજ એ અખતરો કાં નથી કરતા ? બીજાને સ્વર્ગે મોકલવાની વાતો કરો છો, ત્યારે સ્વયં કેમ નથી સિધાવતા ? દેવ–દેવીઓને નામે આવા ધૂર્ત પાખંડો કરી, અજ્ઞાન લોકોમાં ખોટી શ્રદ્ધા અને વિશ્વાસ બેસાડી–માનતા અને ભૂતપ્રેતાદિ શંકાઓના ભરણાં તેમના હૃદયમાં ભરી, તમારાં નીચ સ્વાર્થ સાધી લ્યો છો. એજ. બીજું શું ? પરન્તુ એટલું યાદ રાખો, કેઃ—

કરેલા કર્મના કારણ પ્રભુને આપવાં પડશે,
પછી પાખંડ કે બ્હાના તમોને ત્યાં નહી જડશે.
તમારું ત્યાં તમારી વ્હાર કરવા કોઇ નહી ચ્હડશે,
તમે આજે કરો છો જે તમોને તેજ ત્યાં નડશે.

વાર્યા નહી વળો, પરન્તુ હાર્યા વળશો. ઇશ્વિરી સોટીનો સ્વાદ જેના નસીબમાં ચાખવાનો સરજાયો હોય, તેને સવળું ક્યાંથી સુજે ?"

"જા, જા, હવે. અમારા ઉપર તો મહાદેવીની મ્હેર છે. અમારૂં નામ તો કોઇ લે. જોઇ લઉં !"

"આ બધુંય વખત આવે એમનું એમ રહી જશે. ફુંપદના વા અને વારિ વાતવાતમાં વહી જશે. અભિમાન–ભરતીના પાણી જોત જોતામાં ઉતરી જશે. ઓટ થતાં એની મેળે, આરા આપોઆપ ખુલ્લાં, અને દેખાતા થશે."

"ત્યારે ત્હારે મ્હારૂં કહ્યું નથીજ ધ્યાનમાં લેવું. એમજ ને?"

"પણ ભાઇ! મ્હેં તમારૂં શું બગાડયું છે? તે તો કહો."
આંસુભરી આંખે એ કુમારિકા બોલી.

"એ બધી ડાહી ડાહી અને દુહાપણની વાતો હવે જવા દે,
અને હું કહું એમ કરવા હા પાડ. નહી તો..."

"આથીયે વધુ નિર્દય થશો. એમજને?"

"જરૂર."

"બસ! તમે જો નિર્દય થવાનેજ સરજાયાં હો! તો થવાય
એટલાં થાવ. આવાજ કાર્ય કરવાને પૂજારી બન્યા હો! તો ધન્ય છે
તમારી એ પૂજાને! હા! સાથે સાથે તમારાં આવાં નિર્દય ભોગો
ખુશીથી સ્વિકારનાર તમારી આ દયાહીન દેવીને પણ હું શું કહું?
કંઈજ નહી.

શક્તિ અમારા દેવમાંથી જ્યારથી ખૂટી ગઇ,
(યકીન) અમ-આસ્થા મૂર્તિ ઉપરથી ત્યારથી ઉડી ગઇ.
દૈવત્વ દેવસ્થાનમાંથી ધર્મ પણ ધોવઇ ગયા,
મંદીર પરથી લોકના વિશ્વાસ બસ ખોવઇ ગયાં.

શ્રદ્ધા ન રહી. સાક્ષાત્કાર ગયાં, હવે તો આવી અંધશ્રદ્ધાના
યુગ અવલોકવાં રહ્યાં. ઇશ્વરી અંશ પાષાણની મૂર્તિઓને છોડી ચાલતા
થયા. પવિત્ર ધર્મસ્થાનો, અને દેવમંદીરોમાં હવે શું બાકી રહ્યું છે?

વારાંગનાના નાચ-મુજરા મંદીરોમાં થાય છે,
નિર્દોષ ને મુંગા પશુઓના ગળા રેંસાય છે;
અશ્લીલ એવી હોળીઓ ને રાસ હા! ખેલાય છે.
રે! કા'ન ગોપી રાધિકાના રંગ બસ રેલાય છે.

પ્રભુને નામે પડાવેલો પૈસો પૂજારીના પેટમાં હોમાય છે. મહા પુણ્યપવિત્ર ગણાતા એવા તીર્થધામોમાંજ આવા ગંભીર ગોટાળા થાય છે. ધર્મને નામે આવા ખોટાં ધતીંગો કરી દુનિયાની આંખમાં ધુળ નંખાય છે. પછી એમાં ધર્મ અને દેવ-દેવીઓનો વાસ પણ ક્યાંથી રહે ? એમાં પવિત્રતાનું શું પૂછવું ?

પાના ગીતા ને ભાગવતના પગ તળે ખૂંદાય છે,
થોથાં અમારા ધર્મના પરધર્મિથી ગૂંદાય છે.
રે ! ધર્મ તેમજ આબરૂ આ ઢોંગથી ધોવાય છે,
ઉલ્ટી તમારાં દેવતાની મશ્કરીઓ થાય છે.

મહત્તા ઘટે છે. આબરૂ ઓછી થાય છે. પરદેશીઓ હસે છે. માટે ભાઇ ! આવા ઠાલી દંભ અને ડોળ છોડો ! તમારું, તમારા દેશનું, તમારા ધર્મનું, અને તમારી કોમનું નાક જાય છે, એટલા ખાતર પણ છોડો. નમાલાં ન બનો.

મંદીરમાં પગ મૂકતાં, મન પણ હવે (તો) મુઝાય છે,
દેરને નામે ખરેખર ! સાંઢીયા (પૂજારી) પૂજાય છે.
જ્યાં પ્રાણ પટ્કી નાંખતાં'તા પૂર્વજો કે'વાય છે,
ત્યાં એક પૈસો નાખતાં પણ જીવ આજે જાય છે.

કંઠે પ્રાણ આવે છે. હૃદય કચવાય છે. સાપ ગયા અને લીસોટા રહ્યા. શ્રદ્ધા ગઇ, અને અંધશ્રદ્ધા રહી. પૂણ્ય અને પ્રકાશનો • નાશ-પ્રણાસ. આજે સર્વત્ર પાપ અને અંધકારનાજ પડદાં અને પડછાયાં."

"અને ત્હારી છેલ્લી અભિલાષ ?"

"દયા ! જયતદાન."

"ફરી પાછો એજ લવારો ?"

"બાઇ ! જીવ કોને વ્હાલો નથી ?"

"મ્હને."

"ખોટી વાત. મ્હને મરવું જરા પણ નથી ગમતું. હું તો જીવવાને એકે પગે તૈયાર છું. પરન્તુ તમે...તમેજ...મ્હને...પરાણે... એની (મૃત્યુની) સાથે પ્રીત બાંધવા ફરજ પાડી રહ્યા છો."

"શા માટે ? લે આના ઉપર સહી કર. એટલે પછી ત્હારે મૃત્યુનો છાંયો સરખોયે નહી જોવો પડે."

"આવી ભયંકર શર્ત પર સહી કરી, બંધાઇ, તમારા પાપકર્મમાં ભાગીદાર બની હું કયે જન્મે છૂટું ? આ બધું શા માટે ?"

"જીવનને માટે."

"પ્રાણ બચાવવા પવિત્રતા વેચી દેવી ? ધર્મને ઠોકરે મારવો ? પ્રભુનો ડર ભૂલી જવો ?"

"બેશક."

"ના...ના...એ તો નહીજ થાય. એથી તો મરવું મ્હને હજાર દરજ્જે પ્રિય છે. મંજુર છે.

પાપમાં પગલું ભરીને પ્રાણ પિંજર રાખવું,
વેચી અમૂલ્ય પવિત્રતા સંસારનું સુખ ચાખવું.
નિર્દોષને સપડાવવાં ખોટું ખરૂં પણ ભાખવું,
આખું જીવન એકજ પલકમાં હાય ! પીંખી નાખવું !

એ કેમ બને !"

"જો આમ બને." કહી શયતાન પૂજારીએ એનો જમણો હાથ ઝાલી એને પોતાની પાસે ખેંચી.

"ઓહ્ ! હા ! મ્હને ન બાંધો. મ્હારો ભો...ગ...ન...આ...પો."

નિર્દય પૂજારીએ એ કુમારિકાનો કોમળ હાથ પોતાના પ્રચંડ રાક્ષસી બાહુમાં બળપૂર્વક પકડયો. છોકરીને પોતાની પાસે ખેંચી. એ દયાહીન હૈયે એ બાળાના બંને હાથ જાડાં દોરડાંવડે પીઠ પાછળ અવળાં કચકચાવીને બાંધી દીધાં. દડદડ આંસુ સારતી એ કમનસીબ કુમારિકાએ તેને ગદ્ગદ્ કંઠે અંતિમ વિનંતી કરી.

"મ્હને જવા દ્યો ઓ ! હા ! મ્હારાથી આ દુઃખ નથી ખમાતું ઓ બાપ ! મ્હારા કોમળ હાથો આ સખ્ત બંધનથી બહુજ દુઃખે છે. ઓ પ્રભુ ! હું હવે શું કરું ? કયાં જાઉં ? કોને કહું ? કંઈક તો ઉપાય બતાવ ! મ્હારાથી નથી સહન થતું. તું કયાં છે ?"

"એ ત્હારો ભગવાન હમણાં ઉંઘી ગયો છે. હમણાં તો અમારોજ ભગવાન જાગે છે."

"ઓ ! હાય ! મ્હારાથી આ નથી જોવાતું. તમારો ભોગનો આ પ્રચંડ અગ્નિકુંડ જોઇ મ્હારો તો જીવ ઉડી જાય છે, હાય ! મ્હને જીવતી બાળી નહી મૂકતા. મ્હારી કાયા ઉપર ફોલ્લા પડશે. ઝળેલા ઉઠશે. ડાંમ દેવાશે...એ બધું...કેમ સહન થશે? અરેરે ! કેમ જોવાશે ?"


* * * *

કલકત્તા શહેરથી લગભગ એક માઇલ દૂર મલકા નામક એક ન્હાનું ગામડું હતું. જેને નાકે એટલે જંગલમાં એક ન્હાનું સરખું મહાદેવીનું મંદિર આવેલું હતું. પ્રતિ પૂર્ણિમાએ આ મંદિરનો મુખ્ય

પૂજારી દેવીની પાસે બનાવેલા એક પ્રચંડ અગ્નિકુંડમાં જીવતા પશુઓને હોમી તેનો ભોગ કિંવા બલિ ચઢાવતો હતો. આ ન્હાના સરખા ગામડામાં આવેલા અને નવાજ સ્થપાયલા આ મંદીરની માન્યતા ભારે હતી. શયતાન પૂજારીનું પણ માન પુષ્કળ હતું. મહાદેવીની મૂર્તિ ઉપર ગ્રામ-લોકોને પણ પુષ્કળ આસ્થા હતી. કોઇ ન જાણે એમ! આ અપરિચિત કુમારિકાનો ભોગ આજે પુર્ણિમાની મધ્યરાત્રિએ પાખંડી પૂજારી કોઇ ખાસ હેતુપૂર્વક દેવીને આપી રહ્યો હતો. એના એક હાથમાં કંઇક લખાણવાળો પત્ર હતો, જેની ઉપર તે કુમારિકાએ સહી કરી સોગન ખાવા ના પાડી, એટલે તે પોતાનો આ છેલ્લો ક્રૂર ઉપાય અજમાવી રહ્યો હતો.

બાલિકાની ઉમર તેર-ચૌદથી વધારે ન્હોતી. ચણીયો, ચોળી અને ઓઢણી આટલાં કુમારિકાના વસ્ત્રો તેના ગોર નાજુક અને ખીલતા યુવાન અંગને ઢાંકવા બસ હતાં. અલંકાર ધારણ કર્યાં હતાં, પણ નહી જેવાં. વદન કાન્તિમાન અને ગોળ છતાં જળથી પદ્મ ધોવાય એમ આંસુડાથી નીતરતું દયામણું બની રહ્યું હતું.

મહાદેવીની મૂર્તિ આરસપહાણના ચાર પગથીઆ ચઢી ઉંચે બનાવેલા એક ભવ્ય આસન ઉપર બેસાડવામાં આવી હતી. દેવીના ચરણોમાં નુપૂર, નાકમાં નથની, કંઠમાં કુસુમ તેમજ કાંચન-હારો, અને કરમાં કનકની ચૂડીઓ હતી. માતાના ભવ્ય લલાટે ગોળ ચમચમ કરતો ચાંદલો, અને સેંથે સિન્દુર ભર્યું હતું. છૂટા વાળની ગુંથેલી લટ બે આગળ અને બે પાછળ એમ પથરાયલી હતી, આખાં રેશમી ચીર એમનું અભિરામ ઢાંકી દેવામાં આવ્યું હતું. પાસે એક મ્હોટો ઘીનો દીવો પૂરતો પ્રકાશ નાખી ઝગઝગ બળી રહ્યો હતો. ચતુર્ભુજા દેવીના જમણા



હું તું પરમાત્માની આજ્ઞા કે છે.

કરમાં એક પ્રચંડ ત્રિશૂળ હતું. ભવ્ય વદનની એ મહાદેવીનો મસ્તકમુકૂટ ઝળહળ ઝળકી રહ્યો હતો.

આ મંદીરને બંધાયાને બેજ માસ થયા હતા. એમાં આ દેવીની સ્થાપના કરનાર આજ પૂજારી હતો. પોતાને દેવી સહાય અને પ્રસન્ન છે, એમ પૂજારી લોકોને કહેતો હતો. તદુપરાંત આ મંદીરમાં પધરાવેલી માતાની મૂર્તિ પ્રતિદિન નવનવીન વેશ અને રૂપમાંજ દર્શન દેતી હતી. એટલે આજે બાળા, તો કાલે યુવા, પરમદિને પ્રૌઢા તો વળી એ પછી વિકાળ, શામ્ય, ગંભીર અને હસિતવદની. એવાં જુદાં જુદાં સ્વરૂપો રોજ પલટાતાં હતાં. આ નવીન ચમત્કૃતિએ એની માન્યતા કલકત્તાની આજુબાજુના તમામ ગામમાં ટુંક વખતમાં વિશેષ વિસ્તારી દીધી હતી.

માતાની પાસે ચણેલા ગોળ અગ્નિકુંડમાં બરાબર વચ્ચોવચ્ચ શિવલિંગની માફક સાતફૂટની ઉંચાઇનો જાડો લોખંડનો ગોળ થાંભલો દાટેલો હતો.

પૂજારી મહાશયે પેલી કુમારિકાના અવળા હાથ દોરડા વડે બાંધ્યા પછી મોઢામાં ડૂચો માર્યો. બાળાને ઉંચકી એ અગ્નિકુંડના ખાડામાં ઉતારી. એક પાતળા તારનું ગૂંછળું પાસેજ પડેલું હતું, જે વડે તેણે પેલી કુમારિકાને પેલા લોખંડના ગોળ થાંભલા સાથે ઉભી રાખી. પગથી તે માથા સુધી-તાર વિંટાળી મજબૂત રીતે બાંધી દીધી. હવે એ કમનસીબ કુમારિકાથી બોલાય, કે હલાય ચલાય એમ ન્હોતું.

એની ઓઢણીનો છેડો માથા ઉપરથી ઉડી ગયો હતો. અંબોડો છૂટી જઇ વાળો પણ અવ્યવસ્થ હતાં. તેની આંખોમાંથી જો કે આંસુ વહેતાં હતાં, છતાં "હવે રડવાથી કે બૂમો પાડવાથી પોતાનુ કશુંય વળનાર નથી." એમ સમજતાં તે બાપડી ઇશ્વર ઉપર ભરોસો રાખી

એક શબ્દના પણ ઉચ્ચાર વિના શાન્તિથી જે થાય તે કર્મના ખેલ ભાળી રહી હતી–ભોગવી રહી હતી.

બળિ બરાબર બંધાઈ રહ્યો, એટલે પૂજારીએ અગ્નિકુંડ કાષ્ટથી છલોછલ સીંચી દીધો. પેલી કુમારીકાના પગનો પા ભાગ એટલે પાની પર્યંતનો ભાગ એ વડે ઢંકાઇ ગયો.

કાષ્ટ જલ્દી સળગી ઉઠે એટલા માટે એની ઉપર ઘી રેડવામાં આવ્યું. સળગતી દીપીકામાંથી એક દીવેટ લઈ પૂજારીએ એ અગ્નિકુંડમાં મૂકી. કાષ્ટ ભડ ભડ સળગી ઉઠયાં. અગ્નિએ પોતાનું કામ આરંભી દીધું. જાતિસ્વભાવ કોઈ મૂકે ખરૂં ?

એ અગ્નિકુંડમાં નિર્દોષ કુમારિકાને, માતાને ભોગ આપવા જીવતી સળગાવી મૂકી નિર્દય પૂજારી ત્યાંથી બ્હાર નીકળી બીજા ખંડમાં ચાલ્યો ગયો. જતાં જતાં તે મંદીરના એ છેક માંહે આવેલા ખંડના દ્વારે બીડી તાળુ પણ મારતો ગયો.

મંદિરના અર્ધ દ્વારો પિત્તળના સળીયાઓથી રચાયલા હોઇ, માંહેનું તમામ બ્હાર ઉભાં રહી જોઇ શકાતું હતું. દર્શન પણ દીધેલે દ્વારેજ કરી શકાય એવી સગવડ હતી.

અગ્નિકુંડમાં અગ્નિ જ્યારે બરાબર ચેત્યો, અને બાંધેલી કુમારિકાના પગની પાસે પ્હેલ વ્હેલોજ ભડકો આવ્યો, બરાબર આજ વખતે, એને એક આંચ લાગે, એના ચીરનો છેડો સરખોયે સળગી ઉઠે, તે પ્હેલાં તો અણીને સમયે ઇશ્વર એને સહાય થયા. એક અદ્ભુત ચમત્કાર બન્યો. ખરેખર ! ધાર્યું તો ધરણીધરનુંજ થાય !

પુષ્પ:—૨ જું.

"મહાદેવીની મૂર્તિ."

પાપિષ્ઠ પૂજારીના ગયા પછી તુર્તજ એક અદ્ભુત બનાવ બન્યો. મહાદેવીની જડ મૂર્તિમાં જીવ આવ્યો. ત્રિશૂળધારી દેવી સાક્ષાત્ સ્વરૂપે પ્રકટ થઇ તે કુમારિકા પાસે ગયા. અગ્નિકુંડ માંહેનો અગ્નિ પાણી દ્વારા શાન્ત કરી તેમણે એ કુમારિકાને બંધનમુક્ત કરી. જ્વાળાની લ્હેજસ્હાજ ઝાળ જેને અંગે લાગી છે, અર્થાત્ ઉહના થયેલા એવા શરીરવાળી તે કુમારિકા બેભાન હાલતમાં હતી. મહાદેવીએ એને જમીન ઉપર સુવડાવી.

પ્રાતઃકાળના આછાં આછાં અજવાળાં જ્યારે પેલી બેશુદ્ધ બાળાના વદન અને શરીર ઉપર પડયા, ત્યારે તે શુદ્ધિમાં આવી. એની બીડાયેલી આંખોના પોપચાં ઉઘડયાં. બરાબર આજ વખતે મંદીરનો પૂજારી નિત્ય નિયમાનુસાર પરોઢ ફાટતાંજ દ્વાર ખોલી માંહે પેસી આવ્યો. બેશુદ્ધ કુમારિકાની પાસે મહાદેવીને સાક્ષાત્ સ્વરૂપે ઉભેલાં જોયા છતાં તે જરા પણ આશ્ચર્ય પામ્યા વિના પાસે ગયો. બાળાને જાગૃતિમાં આવેલી જોતાંજ એ પ્રપંચી પૂજારી મહાદેવીના ચરણમાં પડયો.

"મહાદેવી! સેવકનો ભોગ કેમ ન સ્વિકાર્યો?"

દેવીના ચરણોમાં પડેલા પૂજારીને, તથા સાક્ષાત્ દેવીને જોતાંજ એ કુમારિકા અત્યંત આશ્ચર્ય પામી, બેઠી થઇ ગઇ. મહાદેવી બોલ્યાં.

"બેટા! મ્હારા પરમ ભક્ત પુજારીએ પોતાના આ કુકૃત્ય બદલ અંતઃકરણથી પસ્તાવો કર્યો છે. જેને લીધેજ મ્હેં એને મારી બક્ષી છે."

"મહાદેવી! મ્હને બચાવી લ્યો." કુમારિકા દેવીના ચરણો અશ્રુજળે ભીનાં કરતાં બોલી.

"ઉભી થા! પુત્રી! મ્હેં ત્હને બચાવી લીધી છે. વિના વાંકે હવે ત્હને કોઇ પણ દુઃખી કરનાર નથી."

"મ્હને મ્હારે ઘેર પાછું જવું છે."

"ખુશીથી. પરન્તુ તે પ્હેલાં ત્હારે મ્હારૂં એક કાર્ય કરવાનું છે."

"બોલો આપની શી સેવા છે?"

મહાદેવીએ તે કુમારિકાના કાનમાં કંઇક કહ્યું. જે સાંભળતાંજ તે થરથરી ગઇ.

"મ્હારાથી એવું કાળું કામ કદાપી નહી બને."

"શું બોલી? ત્હને બચાવનાર હુંજ છું, એ તું વિસરી ગઇ?"

"ના...ના પરન્તુ મહાદેવી! આવી રાક્ષસી મહત્વાકાંક્ષા તમને ન શોભે! અરેરે! તમે તો.

જગત્ કલ્યાણકારી જો! તમે માતા ગણાવો છો,
પછી મંત્રો અનીતિના ભલાં! શાને ભણાવો છો?
અહા! દેખાવમાં કેવાં મહાદેવી જણાવો છો!
છતાં સંસારની માયા વિષે શાને તણાવો છો?
તમારા દેવાંશી દીલમાં આવી દાનવી-વૃત્તિ ક્યાંથી?"

"ચુપ રહે. દોઢડાહી થા મા. હું કહું એટલું કરવુંજ પડશે."

"પણ મ્હારી હિંમત નહી ચાલે."

"તો હું ત્હારો ભોગ લઇશ."

"ના. ના. એમ ન કરશો. મહાદેવી! મ્હારા ઉપર દયા રાખો. હું એક ઉછરતી અને અણસમજુ કુમારિકા છું."

"મહાકાળ! જલ્દી કર! એ મ્હારા બલિનેજ લાયક છે. હવે હું એનો ભોગ લેવા તૈયાર છું. ઉઠાવ અને અગ્નિકુંડમાં પાછી હોમી દે."

મંદીરના પૂજારી મહાકાળને મહાદેવીની કઠોર આજ્ઞા થઇ ચૂકી. મહાદેવીની ભયંકર આજ્ઞા અને એમના કાન્તિવાન ભયંકર ત્રિશૂળધારી સ્વરૂપથી અંજાયલી, બ્હીધેલી, કુમારિકાએ ફરી એક વાર માતાના બંને ચરણો પકડી લીધા. "મ્હને બચાવો."

પરન્તુ મહાદેવીનો મુખ-બ્હાર પડેલો બોલ પાછો નજ ખેંચાયો. ચાંડાળ પૂજારીએ દેવીના હુકમનો અમલ કરવા ડગરતી અને આંસુ ભરતી એ છોકરીને ચોટલેથી પકડી પોતાની પાસે ઘસડી. તે દયાહીન દૈત્ય તેના અવળા હાથો ફરીથી તાણીને બાંધવા લાગ્યો. અસહ્ય યાતના થવાથી કુમારિકા ચીસે ચીસ પાડવા લાગી. પરન્તુ મંદીર ગામને છેક નિર્જન છેડે આવેલું હોવાથી, તથા પ્રભાતના આછાંજ અજવાળાંયા થયેલાં હોવાથી એ કોઇને કાને ન પડી.

"કબુલએ કબુલ. નહી તો નાહક વગર મ્હોતે મરવું પડશે. જીવતાં જીવત ભયંકર યાતના ભોગવા સળગવું પડશે."

"મ્હને છો...ડો."

"મ્હારું કહ્યું કરીશ?"

"હા.............."

એના હાથ છોડવામાં આવ્યા. તે પછી મહાકાળે પેલો કાગળ ફરી એના હાથમાં આપ્યો. "તો કર સહી."

કંપતે હાથે એ કુમારીકાએ એની ઉપર સહી કરી. તે પછી મહાદેવી બોલ્યા. "પાણી મૂક." કે આ વાત બીજે કાને ન જાય. સાથે સંકલ્પ કરી સોગન ખા, કે મ્હારી એક પણ આજ્ઞા ત્હારે નહી લોપવી."

પારધિની જાળમાં સપડાયલી મૃગલીએ જીવ બચાવવા મહાદેવી સમક્ષ ભયંકર પ્રતિજ્ઞા કીધી. તે પછી દેવી બોલ્યાં. "યાદ રાખજે! જે દિવસે તું મ્હને ભૂલી ગઇ, અગર પ્રતિજ્ઞાનું પાલન કીધા પ્હેલાં વિસરી ગઇ, તેજ વખતે ત્હને હું પાતાળમાંથી પણ પકડી લાવી આ મ્હારા ત્રિશૂળ ઉપર ઘોંચી દઇશ."

"પરન્તુ...તમારૂં ધાર્યું કરવા જતાં...કદાચ્ હું પક...ડાઇ...તો...!"

"બચાવવી મ્હારે માથે."

"તમે મહાદેવી થઇને મ્હારી પાસે આવું કામ કેમ કરાવો છો ?"

"એ બધું ત્હને આગળ ઉપર સમજાશે, મહારાજ!" દેવી પૂજારી તરફ ફરીને બોલ્યાં "એની ઉપર તું પૂરતી દેખરેખ રાખજે. ધારેલું કામ પાર પડે તમે બંને અહીં આવી મ્હારી સ્તુતિ કરજો. હું પુનઃ આપોઆપ પ્રકટ થઇ દર્શન દઇશ."

"જેવી મહાદેવીની આજ્ઞા."

"હવે આંખો બંધ કરો." મહાદેવીની બીજી આજ્ઞા થઇ.

ઉભયે આંખો બંધ કરી, પળવારમાં પાછી ઉઘાડી. હવે દેવીનું આસન ખાલી ન્હોતું. મહાદેવીની જીવતી પ્રતિમા અદ્રશ્ય થઇ પૂર્વવત જડ પ્રતિમા બેઠેલી જણાઇ.

"જા, હવે જેમ બને એમ જલ્દી માતાની આજ્ઞાનું પાલન કર."

"પરન્તુ મ્હેં રસ્તો નથી જોયો. તેનું કેમ ?"

"આ રહ્યો રસ્તો." બોલતાંજ મહાકાળે એક છૂપું ભૂ-દ્વાર ઉઘાડયું. "આ રસ્તો ત્હને શહેરની નજદીકમાંજ મૂકી દેશે."

ડરતી કંપતી એ કુમારિકા ! ઘડીમાં એ મહાકાળ-પૂજારી તરફ, તો ઘડીમાં પેલી મહાદેવીની મૂર્તિ તરફ જોતી, વિવિધ વિચારો કરતી, વ્હેમાતી, મંદીર છોડી નીકળી. તેણે છૂપા રસ્તામાં પગ મૂકયો. તેનું દીલ કાર્યમાં ન્હોતું, છતાં તેનું મોઢું મહાદેવી પાસે લીધેલી ધમકી તથા પ્રતિજ્ઞાના ડુચાથી બંધ થઇ ચૂકયું હતું.

પુષ્પ:—૩ જું.

"ગર્ભવતી કુમારિકા."

—(૦)—

મથુરાદાસનો પુત્ર મણિલાલ અને મનહરલાલની પુત્રી મણી ઉભય મુંબાઇની કોલેજમાં એક સાથેજ ભણતાં હતાં. આજકાલના અર્ધશિક્ષિત અંગ્રેજી ભણેલા યુવાન-યુવતિઓની માફક તેમને પણ કુછંદ લાગ્યો. મણી અને મનહર પ્રેમના ભણતર ભણવા લાગ્યાં. ઉભયે એકેકને હૃદયદાન દઇ દીધાં.

માતાપિતાથી ઢાંકયો રહેલો આ આડો સંબંધ આખરે પકડાઇ ગયો. 'દીકરાએ પોતાનું નામ બોળ્યું.' એ આઘાત ન સહન થવાથી મથુરાદાસે આપઘાત કર્યો. મણિલાલ એકલો પિતાની સંપત્તિનો કુલ સ્વામી થયો.

જ્યારે મણી ! એના માતાપિતાને કાને એની આ વાત આવી. મણીને ભણવાતું છોડાવી દીધું. તેઓ એને માટે વરની તપાસ કરવામાં પડયા.

પરન્તુ પ્રેમ આંધળો હોય, એના વલણ કદાપી રોકી શકાતાં નથી. મણીનો એકનો એક ભાઇ વડોદરામાં રહેતો હતો, તેની ભયંકર માંદગીનો તાર આવતાંજ માતાપિતા મણીને ઘર સોંપી ઉપડી ગયા.

પ્રેમ-સંદેશ કાં'વી મણીએ એ રાત્રે મણિલાલને ઘરમાં તેડાવ્યો. વિસારે પડેલી વાત ફરી તાજી થઇ. બેઠેલો પ્રેમ-પયનો ઉભરો ફરી ચઢી આવ્યો. માબાપની ગેરહાજરીનો લાભ મણીએ ઠીક લીધો. યુવાનીમાં આંધળા થયેલા ભણેલાંઓએ ન કરવાતું કામ કર્યું. જેનું ભયંકર પરિણામ મણીની પવિત્રતા ભ્રષ્ટ થઇ, એટલુંજ નહી, પણ એથીયે એક ડગલું આગળ આવ્યું.

બે દિવસ પછી મણીના માતપિતા પુત્રના મૃત્યુ-સમાચાર લઇ પાછા ફર્યા. ઘેર આવી એમણે એની અંતિમ-ક્રિયા કરી. મણીના લગ્ન તેમજ વિવાહની વાતો આ અચાનક શોક આવતાં વળી અટકી પડી.

આજના અંગ્રેજી ભણતરના આ (!) સુન્દર પરિણામ ! મણિલાલ કુંવારો ન્હોતો. એની પત્નીને પીએર ગયાને પૂરો એક માસ નહી થયો હોય, ત્યાં તો મણિલાલે પોતાની પવિત્રતા ઉપર પાણી મૂકી દીધું.

મણિલાલની સુશિલ અને સદાચારી સન્નારીનું શુભ નામ સુવિતા હતું. એક તો એની તબીયત બહુજ બીમાર હોવાથી સાસરામાં ચાકરી કરનાર કોઇ ન્હોતું. તથા એને પ્હેલો માસ જતો હોવાથી (ગર્ભવતી) તે પીએરમાં વૃદ્ધ માતા–પિતાને આશરે જઇ રહી હતી. મણિલાલ પોતાની આ ભાર્યા કાં'ક માંદી રહેતી અરસિક-અભણ અને પ્રેમના દાખલાથી

અજ્ઞાન સ્ત્રીથી અપ્રસન્ન અને અસંતોષીત હતો. મણીને એણે, "જો તું મ્હારી થાય તો એને છોડી દઉં." એવું વચન આપ્યું હતું. પણ માબાપની હયાતી સુધી એમ બનવું બહુજ મુશ્કેલ હતું. હમણાં તો આ પ્રેમીઓ છાનાછપનાં મળી—ભેટીનેજ સંતોષ પામતા હતા.

બે માસ ચાલ્યા ગયા. એક સાંજે બગીચામાં મણી અને મણિલાલ મળ્યાં. આ વખતે મણીએ એક બહુ દિવસથી પેટમાં દાબી રાખેલી વાત તેને કહી દીધી.

"હવે તમારે શું કરવું છે ? ગમે એમ કરી હવે તો અહીંથી ન્હાસી જવામાંજ......"

"પણ શા માટે ?"

"હું તમારી ભૂલનો ભોગ થઇ છું."

"હેં ?" મણિલાલ ચમક્યો.

"આમ ચમકો છો શા માટે ? તમે હવે સત્વર રસ્તો કરી નાખો. મ્હને દા'ડા છે, એ વાત હવે ઘરમાં બહુ દિવસ ઢાંકી નહી રહે."

"ત્હને ગર્ભ છે ? મણી ! તું આ શું બકે છે ?"

"સાચું કહું છું. એના ચિહ્ન ઢાંક્યા નથી રહેતાં."

"તું એક કામ કર." બહુ વિચાર કર્યા પછી મણિલાલ બોલ્યો.

"શું ?"

"હું એનો નિકાલ થઇ જાય એમ કરૂં. તો પછી ?"

"એટલે શું ગર્ભપાત કરવાનું કહો છો ?"

"એમજ. મણી ! નહી તો ત્હારા ને મ્હારા બન્નેના બાર વાગી જશે. સમજી ?"

"ના...ના. એવું પાપ નથી કરવું."

"વાહ્‌! એક પાપ તો કરી ચૂકી છો. હવે પુણ્યાત્મા થવું નહી પાલવે."

"પણ એથી એમાં ઉમેરો કરવો?"

"તો શું કરવું? હાલ તો એ પાપ ઉપર કાળી પીછોડી ઓઢાડવામાંજ ડહાપણ છે. જી?"

"ના...બા. એમ તો નહી બને. તમે મ્હને લઇ ક્યાંક બીજે ઉપડી જાવ."

"અને મ્હારાં ઘર–મ્હાર, બાયડી–છોકરાં એ બધાને ક્યાં મોસાળ મોકલાવું?"

"આવુંજ કરવું હતું તો પછી મ્હને કલંકીની શા માટે કરી?"

"કોણે! મ્હેં કરી?"

"ત્યારે આ પાપ મ્હારી એકલીનુંજ! કેમ? તમારો તો એમાં સુદ્દલે ભાગ નહીને!"

"નહીજ. મ્હારે ક્યાં સ્ત્રી ન્હોતી? એ તો ત્હારા કહેવાથીજ..."

"બસ કરો. જુઠું બોલતાં જરા ઇશ્વરથી તો ડરો."

"આ પાપ કરતાં ડરી હતી કે? તે વખતે ત્હારો આજ ઇશ્વર ક્યાં ગયો હતો? હવે મ્હોટી ધર્માત્મા થવા નીકળી છે તે."

"ભલે! ત્યારે તમે શું જવાબ દ્યો છો?" મણી સજળ નયને બોલી.

"કાલે વિચાર કરીને જવાબ દઇશ."

* * * *

બંને છૂટા પડ્યાં. મણિલાલે ઘેર જઇ 'હવે શું કરવું?' એજ વિચાર આખી રાત જાગી કર્યો, છેવટ્ મણીને લઇ ન્હાસી જવાની વાત તેણે પડતી મૂકી. મણીને હવે એના નસીબ ઉપર છોડી, અન્યત્ર

ચાલ્યા જવું. એવો નિશ્ચય કરી તે સાસરે દોડયો. પોતાના સાસુ-સસરા અને માંદી પત્નીને મળ્યો. નોકરીને માટે પોતે ખાસ આજેજ મુંબાઇ છોડી કલકત્તા જાય છે, એ વાત તેણે કહી દીધી.

સવિતાનું પીએર ને સાસરૂં મુંબાઇમાંજ હતું. સુવાવડ વીત્યા બાદ હું ત્હને પત્ર લખી ત્યાં તેડાવી લઇશ, એવો દીલાસો દઇ તે તેજ રાત્રે મુંબાઇ છોડી (કલકત્તા) ગયો.

મણિલાલનો મેળાપ બીજે દીને ન થયો. મણી એને ઘેર ગઈ. ઘેર મોટું તાળું મારેલું હતું. અફસોસ! ની એક ઉંડી હાય મારી તે ભાંગેલે હૈયે ઘેર પાછી ફરી.

આજ તેના ટાંટીયા ઢીલા હતા. આંખોમાંથી શ્રાવણ ભાદરવો વહી રહ્યો હતો. દીવાની-યુવાનીમાં તે બાપડી ભયંકર ભૂલનો ભોગ થઇ ચૂકી હતી.

પોતાની પુત્રી બહુ દિવસથી બરાબર ખાતી પીતી નથી, અને ઉદાસ ફર્યા કરે છે, એનો ભેદ પામવા માતાએ આજ એના ઓરડામાં ઓચિંતો પગ મૂકયો. રડતી મણીનું પાપ આપોઆપ પકડાઇ ગયું.

અંતરની છાની વાતો ઉકેલવાને અવનીભરમાં જો કોઇ પોતાનુ અને પુરતું વિશ્વાસુ એવું હોય! તો તે એક મા! મણિએ પોતાની માને તૂટતી વાણીએ પોતાનું કાળું પાપ કહી દીધું.

મનહરલાલને માટે હવે ઉભા રહેવાની જગ્યા ન્હોતી. "દીકરીએ તો દાટ વાળ્યો." કહી ડોસી તેજ રાતના કૂવામાં પડી. મનહરલાલ પણ લોક-ડરથી ભય પામી પોતાનુ કાળું ને કલંકીત મોઢું છુપાવવા ઘર અને સંસાર છોડી ગયો.

રહી કેવળ કમનસીબ મણી ! સુખી કુટુંબમાં સત્યાનાશની સળી ચાંપનાર આ ગર્ભવતી કુમારિકા પોતાના પાપનું ભયંકર પ્રાયશ્ચિત્ત કરવા માટે પ્હેરેલાં કપડાંભેર નીકળી પડી.

પોતાને કોઇ ન ઓળખે એવી ગરીબ હાલતમાં એણે ઘર છોડયું. વિધવાશ્રમના આશ્રય હેઠળ એ કમનસીબ કુમારિકાએ પૂરે નવમાસે એક પુત્રીને જન્મ આપ્યો. દશ દિવસ બાદ પુત્રીને લઇ એ એક રાતના પોતાને મકાને આવી. પરન્તુ ત્યાં તેણે શું જોયું ? રાખનો ઢગલો ! દૈવી કોપ !

વિધવાશ્રમના જે સંચાલકની મ્હેરબાનીથી તેણે આટલા માસ સુખેદુઃખે નિભાવી લીધા હતા, તેની દ્રષ્ટિ એના છૂટાછેડા થયા પછી ફરી હતી. એક પાપકર્મ કરી ઠોકરાયલી મણી તે પામી ગઈ. ભવિષ્યમાં માઠાં પરિણામ ભોગવવાં પડે એની અગાઉજ એણે પોતાનો રસ્તો શોધી લીધો.

દશ દિવસની બાળકીને ખભા ઉપર નાખી એ કમનસીબ કુમારિકા મણી ચાલી જતી હતી. બરાબર એજ વખતે એક ઘરમાંથી એક સ્ત્રીની હૃદયભેદક ચીસ બ્હાર આવતી તેને કાને પડી.

મણીએ ઉપર નજર નાંખી. "અરે ! આ તો સવિતાનું પીએર." તેના મ્હોંમાંથી એટલાજ શબ્દો બ્હાર પડી ગયા. પોતાની દશાનો ખ્યાલ તેને ન રહ્યો. તે એકદમ ખુલ્લા દ્વારમાંથી અંદર પ્રવેશી. તેણે ત્યાં શું જોયું ?

પથારીવશ સવિતા પોતાના મૃત બાળક ઉપર આંસુનો વરસાદ વરસાવી રહી હતી. પાસેજ તેની વૃદ્ધ માતા પણ રડતી બેઠી હતી. બાપ બીજા ખંડમાં હતો.

"સવિતા !" મણીના મુખમાંથી અચાનક ઉદ્‌ગાર બ્હાર પડી ગયા.

સવિતાએ ઉંચું જોયું. પોતાની સ્હામે એક સોળ વર્ષની મુગ્ધાને દયામણી હાલતમાં ઉભેલી તેણે જોઇ. "બ્હેન ! તું કોણ ?"

મણી બનેલો બનાવ ક્ષણવારમાં સમજી ગઇ. સવિતાની માતાને દુર કરી મણી સવિતા પાસે બેઠી. પોતાની અને એના પતિની તમામ વાત એણે આદિથી અંત કહી નાખી.

"હશે ! બ્હેન ! પણ એ બધું મ્હને કહેવાની હવે શી જરૂર ?"

"એકજ કારણસર. હું નિરાધાર છું. દુનિયાથી નિન્દાયલી છું. તમારા પતિના પેટની આ પુત્રીને હું તમારા ચરણોમાં ધરી દઉં છું. એની ખરી મા હું છું, એ વાત કેવળ હું અને તમે બેજ જાણીએ છીએ. બસ. તમારા પેટની પુત્રી ગણીને એને પાળજો. જીવીશ તો ફરી મળીશ. નહી તો કંઇ નહી."

"પણ......"

"બસ ! હું તમારે પગે પડીને એટલું માગી લઉં છું. બ્હેન ! મ્હારી સ્થિતિ ઉપર જરા વિચાર કરો. વળી ! તમારા મૃત-બાળકની વાત પણ આથી ઢંકાઇ જશે."

સવિતાએ અંતે એ વાત કબુલી. મણીની પુત્રીને પોતાના પેટની પુત્રી ગણી હૃદય સરસી ચાંપી. સવિતાના પુત્રનું શબ લઇ મણી રાત્રીના ભયાનક અંધારામાં અદૃશ્ય થઇ ગઇ. ફરી પાછી ન તે નજ દેખાઇ.

* * * *

જ્યારે બરાબર એક વરસે કલકત્તાથી મણિલાલ પાછો આવ્યો, ત્યારે મણીની ખબર કાઢતાં તે ન્હાસી ગઈ, એમ સાંભળી તે સંતોષ પામ્યો. પોતાની પત્ની અને પુત્રીને લઇ તે કલકત્તા ગયો. બીજા છ માસ પછી સવિતાના માતા-પિતા પણ સ્વર્ગે સંચર્યા. પેલી ભેદી વાત એમના મૃત્યુ સાથેજ દટાઈ ગઇ હવે તો એ વાત જાણનારમાં એક સવિતા! અને બીજી સગી માતા મણી! જો જીવતી હોય તો!

સ્ત્રીઓના પેટમાં છાની વાત કદાપી ટકતી નથી. તેમ મણીની પુત્રીને સવિતા પ્રેમથી ઉછેરતી હતી, છતાં પણ તેને પોતાના પતિ ઉપરથી વિશ્વાસ ઉડી ગયો હતો. એક દિવસ વાતવાતમાં એણે પોતાના પતિને મણીની વાત કાઢી મ્હેણું માર્યું. પોતાની છુપી વાત સવિતા જાણે છે, એ જાણતાંજ મણિલાલનું મગજ ફર્યું. પત્નીનો ઘાટ ઘડી નાખવાનો નિશ્ચય કરી તેણે રાતના એના કોમળ કાળજામાં કાતીલ છુરી ભોંકી દીધી. શબને ઠેકાણે કરવા ગાંસડી બાંધી તે નદીમાં નાખી આવવા નીકળ્યો.

કામાંધને દયા અને સાન હોતાંજ નથી. પોટલી બાંધી જેવો તે નદીમાં પધરાવવા જાય છે, ત્યાંજ એક બાવીસ વર્ષના યુવાને તેના ખભા ઉપર હાથ મૂક્યો. ભયથી વિહ્વળ બનેલા મણિલાલે પાછું ફરી જોયું. "ડિટેક્ટીવ દેવેન્દ્ર!" એટલાજ શબ્દો તેના મોઢામાંથી બ્હાર પડી ગયા.

પોટલી તેના દીલ ઉપર ફેંકી મણિલાલ જીવ લઇ ન્હાઠો.

પુષ્પ:—૪ થું.

" શયતાની જાળ. "

કલકત્તામાં સુવિખ્યાત થયેલા નવીન ડિટેકટીવ દેવેન્દ્રને સૌ કોઇ ઓળખતું હતું. છૂપાં પાપો, અને ગુન્હાઓ પકડવા તે છૂપાં વેશમાં રાત દિવસ રખડયા કરતો હતો.

સવિતાના શબની પોટલી નાખી દઇ મણિલાલ ન્હાસી ગયો, તે પછી દેવેન્દ્રે તેનું શું કર્યું ? એ કશું જણાયું નહી. પરન્તુ પકડાઈ જવાની બ્હીકથી ન્હાસેલો મણિલાલ જ્યારે ક્ષેમકુશળ પોતાના ઘરમાં પેઠો, ત્યારેજ તેના જીવમાં જીવ આવ્યો. સવારમાં પોતાની સ્રીને માટે પાડોશી અગર તો શેઠ પૂછે ! તો શું જવાબ દેવો ? એનો ત્રાગડો એણે રચી રાખ્યો હતો. સ્હવાર પડતાંજ તે પોતાની ન્હાનકડી પુત્રીને લઇ શેઠને ઘેર દોડયો.

મણિલાલ સવિતાને લઇ કલકત્તા આવ્યો હતો, ત્યારથી તેણે પોતાનું ખરૂં નામ છૂપાવી બનાવટી નામ મોહનલાલ ધારણ કર્યું હતું. તેની પત્નીએ એક બે વખત એને ખુલાસો પૂછેલો, જેના જવાબમાં તેણે કહ્યું હતું, કે "શેઠે પોતે પોતાને એ નામ સારૂં ન લાગવાથી બદલ્યું હતું."

આવી પત્નીએ વધુ રકઝક ન્હોતી કરી. આપણે પણ એની ઉંડાણમાં ઉતરવું છોડી હવેથી એને મોહનલાલને નામે ઓળખીશું.

મોહનલાલના હાથમાં એની ન્હાની બાળકી હતી. આંખોમાં આંસુ હતાં. "મોહનલાલ ! તમે આજે સવારના પ્હોરમાં આવી આમ રડો છો કેમ ?" શેઠે આશ્ચર્ય પામતાં પૂછ્યું.

મોહનલાલે બનાવટી વાત શેઠના દીલમાં ઠસાવવા માંડી. "શું કહું ? શેઠજી ! આખરે સ્ત્રી જાતિ તે બેવફાજ નીકળી."

"પણ છે શું ? ખુલાસો તો કર."

"સવિતા ન્હાસી ગઇ."

"ન્હાસી ગઇ ? કોની સાથે ? ક્યાં."

"એના પ્રેમીની સાથે. મનફાવે ત્યાં."

"ક્યારે ?"

"કાલ રાત્રે."

"તું એ શા ઉપરથી કહે છે ?"

"ઘરમાં એ નથી. એટલે..."।

"તેથી એવીજ શંકા શા માટે ?"

"હું એના ગુણ જાણું છું. કલકત્તા આવ્યા પછી મ્હેં એને બરાબર જોઇ લીધી છે. મ્હારી ખાત્રી થઇ ચૂકી છે."

"તો પોલિસમાં જાહેર કરીએ."

"જી. નહી. હું એમ કરી મ્હારા બાપદાદાની આબરૂ ઉઘાડી પાડવા નથી ઇચ્છતો."

"ત્યારે શું કરવું છે ?"

"જવા દ્યો. મ્હને એની જરૂર નથી. હું તો તમારીજ મ્હેર-બાની ઉપર જીવી રહ્યો છું."

ચિત્ર. વિનાશીની વામા. ઐતિહાસિક.



... મુસાફરતનો સર્વનાશ.

"મોહન! મોહન! તું રડ નહીં, જ્યાં સુધી હું બેઠો છું, ત્યાં સુધી ત્હારે હિંમત હારવાની કશી જરૂર નથી."

"તો લ્યો. આ મ્હારી ન્હાનકડી બાળકી મનોરમા, આપને ચરણે ધરૂં છું. એને ઉછેરવાનો પ્રબંધ કરવો તમારે માથે."

"ખુશીથી."

શેઠે પોતાની પત્નીને પોતાની ન્હાની છોકરી સાથે આ મનોરમાને પણ ઉછેરવા સોંપી દીધી. ઢોંગ કરી મોહનલાલે શેઠને સમજાવી દીધા. પોતાની બિછાવેલી શયતાની જાળે આબાદ કામ કર્યું.

મણિલાલ કલકત્તામાં પ્હેલ વ્હેલો આવ્યો, ત્યારે એક હોટેલમાં ઉતર્યો હતો. ગાડીઘોડાના અકસ્માતમાંથી આ શેઠને એણે બચાવ્યા, જેના બદલામાં શેઠે તેને પોતાને ત્યાં નોકરી આપવાનું કહ્યું. ગરજઉ મણિલાલે શેઠની પેઢીમાં મોહનલાલ તરીકે વર્ષભર નોકરી કરી શેઠનો પ્રેમ જીતી લીધો. બદમાશ માણસો હમેશાં બોલવેચાલવે બહુજ મીઠાં, અને પ્રારંભમાં પ્રમાણિકતાના ડોળધારી હોય છે. મોહન પણ એવોજ એક અઠંગ ઉઠાવગીર હતો.

બહુ દિવસ થયાં પરન્તુ દેવેન્દ્રે પોતાની ખબર ન લીધી, એથી આનન્દ પામી મોહનલાલે એ બ્હીક મનમાંથી કાઢી નાખી. શેઠના પૈસાથી તે મોજમજા કરવા લાગ્યો. કલકત્તાની મશહૂર વેશ્યા મલકા તેની માનીતી થઇ પડી. પરન્તુ શેઠને કાને હજુ તેના આ લક્ષણ ન્હોતાં આવ્યાં.

મોહનલાલે મલકાનું મકાન પ્હેલવ્હેલું પાવન કર્યું, એ વખતે તેને કલકત્તામાં આવ્યાને લગભગ દશ વર્ષનો કાળ પસાર થઇ ગયો હતો.

પ્હેલાંનો સાધારણ મણિલાલ તે આજે ન્હોતો રહ્યો. એની શિકલ, એનો તે દમામ, વય તેમજ પોશાક તમામમાં આસ માન અને જમીનનો ફેર પડી ગયો હતો.

*   *   *   *

પ્રિય વાંચક ! આપણી વાર્તા અહીંથીજ શરૂ થાય છે. ઉપરોક્ત બનાવ બન્યાને આજે ચૌદ વર્ષનો લાંબો કાળ પસાર થઇ ગયો છે.

બાવીસ વર્ષના મોહનલાલ અને દેવેન્દ્ર આજે છત્રીસ વર્ષની લગભગમાં છે. જ્યારે તેની પુત્રી મનોરમા ચૌદ વર્ષના કન્યાકાળમાં આવી ચુકી છે. મણીની વાત ઇશ્વર જાણે !

પુત્રી મ્હોટી થતાં મોહનલાલે જુદું ઘર માંડયું. પુત્રી રાંધતી અને પિતા જમતો. ઘરના કામકાજથી પરવારી મનોરમા શેઠને ઘેર આવતી, ત્યાં એનાથી બે વર્ષે મ્હોટી શેઠની એકની એક પુત્રી મોતી એને ખુશીથી આવકાર આપતી.

મોતી અને મનોરમા એકજ માતાના હાથ નીચે સાથે સાથે રહી મ્હોટાં થયાં હતાં, એટલે બન્ને વચ્ચે સગી બ્હેન જેટલીજ માયા હતી.

પુષ્પ પ્હેલામાં મહાદેવીની મૂર્તિ સમક્ષ જે કમનસીબ કુમારિકાનો ભોગ આપવામાં આવનાર હતો, જે બાળાએ દેવીના દબાણે ભયંકર પ્રતિજ્ઞા કરી પોતાનો પ્રાણ બચાવ્યો હતો, તે બાળા તેજ આ મનોરમા !

મહાદેવીના મંદીરમાં એ કેવી રીતે આવી ? અને એને કોણ લાવ્યું ? એ હવે આગળ વાંચો.

પુષ્પઃ—૫ મું.

"મનોરમા."

કલકત્તાના ધનાઢય શેઠ મંગળદાસને સંતાનમાં કેવળ એકજ પુત્રી હતી, જેનું નામ મોતીગૌરી. જ્યારે શેઠની વ્યાજની પેઢીના મુખ્ય મુનીમ મોહનલાલ (મણિલાલ) ને પણ એક પુત્રી હતી, જેનું નામ મનોરમા.

મનોરમા ન્હાની ઉમરમાંજ માતૃહીન થવાથી શેઠે તેને પોતાને ત્યાંજ ઉછેરી મ્હોટી કરી હતી. મોતીની માતા આ ઉભય કન્યાઓને સોળ—ચૌદની ઉમરમાં છોડી પરલોક સિધાવી હતી.

માતૃહીન લાડીલી પુત્રી મોતીને તેના લખપતિ પિતાએ એક કીમતી મોતીની માળા કરાવી આપી હતી. જે રાતદિવસ મોતીની નાજુક ગ્રીવા શોભાવતી હતી.

મનોરમા અને મોતી બંને સગી બ્હેનની માફક હરતાં ફરતાં હતાં. શેઠની પેઢીના એક ગુણવાન અને યુવાન ગુમાસ્તા મંજુલાલની સાથે મનોરમા પ્રેમમાં પડી હતી. જ્યારે ધનીક—પુત્રી મોતીને સંસારના વાવાં વા નહી જેવાં વાયા હતાં.

મોતીની યુવાવસ્થાએ મોહનલાલની મનોવૃત્તિમાં વિકાર મૂક્યો. વિશેષમાં તે પ્રેમથી પણ પૈસાનો વધુ પૂજક હતો. પેલી અણમૂલ મોતીની માળા તેની આંખમાં આજ કેટલાયે દિવસ થયાં ખૂંચી રહી હતી.

એક વખત વ્યાપાર સંબંધી કામ માટે મોહનલાલ વ્હેલી સવારમાં મંજુલાલની સાથે શેઠને ઘેર આવ્યો. મંજુનુ કામ ખલાસ થયું,

એટલે તે પોતાને ઘેર ચાલતો થયો, જ્યારે મોહન પોતાના કામસર રોકાયો. તેને પાછા ફરતાં જરા વાર લાગી.

બન્યું એમ, કે મોહનનું પાછું ફરવું, અને મોતીનું ન્હાવા બેસવું, એ ઉભય ક્રિયા એક સાથે થઇ. સ્નાન કરવા જતી મોતીએ પોતાની અમૂલ્ય માળા કંઠમાંથી કાઢી કબાટમાં મૂકી, તે મોહનલાલે જોઇ લીધી. મોતીનું ધ્યાન આ બદમાશ ઉપર ન ગયું. સોનેરી તકનો લાભ શાહુકારથી લેવાયો. માળા ઉઠાવી મોહનલાલે ગજવામાં મૂકી, ઘરનો રસ્તો લીધો.

સ્નાનથી પરવારી વસ્ત્ર બદલી જ્યારે મોતી માળા લેવા ગઇ, ત્યારે માળા ન મળે. બાગલીજ તે પિતા પાસે દોડી. માળા ગૂમ થયાની વાત તેમને કરી.

દુનિયાની લીલીસુકી જોઇ અનુભવવૃદ્ધ થયેલ શેઠ ઉંડો વિચાર કરી, એકદમ મોહનલાલને ઘેર ઉપડયો. તે જાણતો હતો કે:-"લક્ષ્મી દેખી મુનિવર ચળે."

* * * *

આ બાજુ મોહનલાલ ચોરી કરીને જેવો બારણું ઉઘાડી પોતાના ઘરમાં ગભરાયેલી દશામાં દાખલ થયો, તેવુંજ તેણે શું જોયું ? પોતાની પુત્રી મનોરમા મંજુના ખભા ઉપર માથું મુકી ઉભી હતી. મંજુ પોતાના પ્રેમાળ કરથી તેના માથાના વાળ ઉંચા કરતો હતો.

અંદરથી બળતા પરન્તુ ઉપરથી હસતા મોઢે મોહને મંજુની ખબર પૂછી. "મંજુ ! તું અહીં ક્યારનો આવ્યો છે ?"

"થોડી વાર થઇ હશે."

"કંઇ કામ નથી ?"

"મોહનલાલ ! હું ઘેર જતો હતો. રસ્તે જતાં વિચાર થયો, કે લાવને જરા મનોરમાને મળતો જાઉં."

"મંજુ ! મનોરમા હવે ન્હાની નથી. ત્હારે સમજવું જોઇએ."

"અમે બંને એકેકને ચાહીએ છીએ."

"મનોરમાને ન્હાનપણથીજ શેઠે ઉછેરી છે. હું અને શેઠ મળી એ વિષે વિચાર કરીશું."

આ વાત આગળ લંબાય તે પ્હેલાં તો કોઇએ બારણા ખખડાવી બૂમ મારી. "મોહન !"

ચોર—મોહન બ્હીધો. તેણે બારીમાંથી અર્ધું ગરદન બ્હાર કાઢી નીચે આવેલા શેઠને જોઇ લીધા. જોતાંજ મોઢું ઉતરી ગયું. "ચોરી પકડાઇ જશે તો ?" એ ધાકે તેના ટાંટીઆ લથડયા. એટલામાં તો મંજુ અને મનોરમા પણ બીજી બારીએ આવી આવનારને નીચે જોવા લાગ્યા.

"તમે થોભજો. એ તો શેઠ છે. હું હમણાંજ નીચે જઇ બારણા ઉઘાડી આવું." કહી મંજુ અને મનોરમાને બારીમાંથી બ્હાર જોતાં મૂકી મોહનલાલ દ્વાર પાસે ધસ્યો.

મોતીની માળા ચોરતાં તો ચોરાઇ ગઇ, પરન્તુ હવે એને જીરવવી મુશ્કેલ પડી. એને ક્યાં સંતાડવી ? એના વિચાર તેના મગજમાં ઘૂમતા હતા, ત્યાં દાદર પાસેની ખીંટી ઉપર મંજુએ લટકાવેલા કોટ ઉપર તેની નજર પડી. જરા પણ વિચાર વિના મોતીની માળા કાઢી એણે એ કોટના ગજવામાં ઉતાવળા ઉતાવળા મૂકી દીધી. દ્વાર ઉઘાડવા તે નીચે દોડ્યો.

મંજુનો કોટ ભેરવેલી ખીંટી પાસે પિતાને જરાવાર ખંચાઇને ઉભા રહેતા મનોરમાએ જોયા હતા. છતાં તે હસી ! ફરી ગઇ. તે બાપડીને સ્વપ્ને પણ ખબર ન્હોતી કે તેના બાપે કેવી ભયંકર કપટબાજી ખેલી છે !

મોહનલાલ શેઠને સન્માનપૂર્વક ઉપર તેડી લાવ્યો. આસન આપતાં તે બોલ્યો, "શેઠજી પધારો, પધારો. ગરીબનું ઘર ઘણે દિને પાવન કર્યું."

"મોહન ! હું કાંઇ બેસવા નથી આવ્યો. પણ......"

"શું ?" પેટમાં પાપ છે એવો જાણભેદુ ઠગ બોલ્યો.

"મોતીની માળા અત્યારેજ ઘરમાંથી ગૂમ થઇ છે."

"અત્યારે ? એટલે ક્યારે ?"

"તમે આવ્યા તે દરમ્યાનજ."

"નવાઇ જેવું. તે વખતે બીજું કોઇ ત્યા હતું ?"

"નહી. કોઇ આવ્યું'યે નથી, તેમ ગયું પણ નથી. કેવળ મંજુ અને તમે બેજ."

"ત્યારે તપાસ કરીએ. શું સમજાય ?"

"વારુ ! મંજુ ! તું અહીં ક્યાંથી ?"

"આપને ટપાલ પ્હોંચાડી હું ઘેર જતો હતો, ત્યાં..."

"મ્હેંજ એમને બોલાવ્યા." મનોરમા શરમાતાં શરમાતાં બોલી.

"ઠીક. તમે બંને જરાવાર જોડેના ખંડમાં જાવ. મ્હારે મોહનલાલ સાથે થોડી ખાનગી વાત કરવી છે."

મોહનલાલ શેઠનો પરમ વિશ્વાસુ હતો. મંજુને મનોરમા પાસે જોતાંજ શેઠનો શક તેના ઉપર મજબૂત થયો. મંજુ મનોરમાને ચ્હાય છે. એને રાજી કરવાને માટે તો કદાચ......"

વિચાર આમળ વધતાં અટક્યાં. મંજુનું મ્હોં ઝાંખું પડયું ન્હોતું. પરન્તુ "શેઠ પોતાની સાથે ખાનગી વાત કરવા માગે છે." એ સાંભળતાંજ મોહનનું મોઢું લેવાઈ ગયું.

મનોરમા નીચી મુડીએ ઓરડો છોડી જવા એક પગલું ભરી ચૂકી. ત્યાં ખીંટી ઉપરથી-ભેરવેલો પોતાનો કોટ મંજુએ લીધો. મોહનલાલથી ઉતાવળમાં માળા ગજવામાં મૂકતાં એનો થોડો ભાગ બ્હાર ઝૂલતો રહી ગયો હતો. ડગલો ઉંચકતાં અને વાંકો થતાંજ લીસી માળા સહજવારમાં ગજવામાંથી સરી જમીન ઉપર પડી. મંજુએ પોતે, ને બધાંએ તે જોઇ. તમામ આશ્ચર્યમાં ગર્ક થઇ ગયા.

"મંજુ! આ શું?" શેઠે માળા જમીન ઉપરથી ઉંચકતા મંજુ સ્હામે જોઇ ત્રાડ મારી.

પરન્તુ મંજુ શું બોલે? તેની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. તે શેઠના પગમાં પડી ગદ્દગદ્દ કંઠે બોલ્યો. "શેઠજી! હું તદ્દન નિર્દોષ છું. આ માળા મ્હારા ગજવામાં કેવી રીતે આવી? તે હું પોતે પણ સમજી શકતો નથી."

"ચુપ રહે હરામખોર! હજુ પણ જુઠું બોલે છે?"

મંજુ શેઠના પગમાં પડી બોલ્યો, "શેઠજી! હું ઇશ્વરને ઓળખીને કહું છું, કે પૂરી તપાસ કરો. મ્હારા બોલ ઉપર વિશ્વાસ ધરો. હું કોઇ દુશ્મનના દગાનો ભોગ થઇ પડયો છું."

પોતાના પિતા દાદર ઉતરતાં મંજુના કોટ પાસે પળભર કેમ અંચાયા હતા? તે મનોરમા હવે સમજી ગઇ. શેઠે તેને પૂછયું.

"મનોરમા! સાચું બોલજે. તું કંઇ જાણે છે?"

મનોરમા! બાપડી શું બોલે? સાચું કહે તો પિતાની જીંદગી જોખમમાં હતી, જ્યારે નથી બોલતી તો નિર્દોષ પ્રિયતમની ઉપર આફત આવે છે. પોતાના બંને હાથ મોઢા ઉપર દાબી દેતી, તે આંખમાં આંસુ આણી બોલી..."મ્હને એની કંઇજ ખબર નથી. પણ... પણ...મ્હારા આ...મંજુલાલ તદ્દન નિર્દોષ છે-"

"ત્યારે ચોર કોણ છે? તે બતાવ."

મનોરમાની આંખો પિતાની ઉપર ઠરી. મોહનલાલનું મોઢું ઉતરી ગયું. દીકરી પોતાનું પાપકર્મ જાણે છે, એમ તે તુર્તજ સમજી ગયો. પરન્તુ પિતાનું દયામણુ મુખ જોતાંજ મનોરમાને પિતૃધર્મે અટકાવી. "હું એને ઓળખું છું. છતાં નથી બતાવી શકતી."

મનોરમાના આ ઉત્તરે મોહનલાલનું ચઢી વાગ્યું. તે તુર્તજ બોલ્યો. "શેઠજી! મનોરમા મંજુને ચ્હાય છે. એને બચાવી લેવાનેજ એ જુઠું બોલે છે."

"હાય! બાપુ...તમે..." મનોરમા બાપનો હાથ ઝાલી દયાળુ મુખે ઘુંટણીએ પડી.

"ચૂપ! કુલાંગાર દીકરી! ચોરને ઘરમાં ઘાલતાં, તથા તેનો ગુહ્નો છૂપાવતાં, અને ત્હારા અન્નદાતાની સાથે આવું કપટ રમતાં, શરમાતી નથી? જુઠાણું? અને તે કોની આગળ?"

"મંજુ! મ્હારી સાથે આવ. ત્હને મ્હારે બેએક વાત પૂછવી છે."

* * * *

મનોરમા તથા મોહનલાલને તેજ ઓરડામાં છોડી મંજુને લઇ શેઠ બીજા ઓરડામાં ગયા. દાંત કચકચાવતો મોહન ઓરડાની દ્વાર પાસે કાન ધરી માંહે થતી વાત સાંભળી રહ્યો હતો. જ્યારે મનોરમાએ

બાપને કહ્યું. "પિતાજી ! હું બધું જાણું છું. જો એમનો વાંકો વાળ થશે ! તો હું તમારી વાત ફોડી દઈશ. તમે એમને બચાવો."

"શું ?" ખૂની બાપે ગજવામાંથી ભરેલી પિસ્તોલ ચાલાકીથી આંખે ખેંચી કાઢી.

મનોરમા બ્હીધી. સજ્જડ બ્હીધી. "...બા...પુ !...એ બિચારા... નિ...ર્દો...ષ."

"ચૂપ. નહી તો બોલતીજ બંધ કરી દઈશ."

મનોરમાના મોઢા ઉપર પોતાનો એક રાક્ષશી હાથ દાબી, મોહન માંહેની વાતચીત સાંભળવા લાગ્યો. તેના ડાબા હાથમાં ભરેલી પિસ્તોલ હતી.

ચતુર મનોરમાએ પિતાના હાથમાંની એ પિસ્તોલ પડાવી નાખવા ધીરેશથી ઝડપ મારી. પિસ્તોલ પડી ગઇ. પરન્તુ તેનો બા'ર થયો. તેની તાંકેલી એ ગોળીએ મંજુને બદલે શેઠની છાતી વીંધી નાખી.

એક છલંગ મારી મંજુ ખુરસીમાંથી ઉછળ્યો. મનોરમા બેશુદ્ધ થઇ પડેલી હતી, ત્યાં આવ્યો. તે વખતે મોહનલાલ દાદરેથી ઉતરી પલાયન કરી ગયો હતો. પોતાનીજ ભૂલને લઇને શેઠ ખૂન થયું. એ જોતાં કાચાં હૈયાંની મનોરમા જમીન ઉપર તૂટી પડી હતી.

મંજુએ મનોરમાને ભાનમાં લાવવાના ઉપચાર કરવા માંડયા. આશરે અર્ધા કલાકે એને ભાન આવ્યું. એજ વખતે મંજુએ તેની પાસે પિસ્તોલ પડેલી જોઇ, ઉપાડી લીધી. ઘડીમાં તેની તરફ તો ઘડીમાં મનોરમા તરફ જોતો તે બોલ્યો "મનોરમા ! ખૂન ત્હેં કર્યું ?"

"હા."

"ત્હારા પિતા ક્યાં છે ?"

"મ્હને તેની ખબર નથી."

મંજુ કંઇજ સમજી શક્યો નહી. મનોરમા ખુન કરે ! એ વાત તેને ગળે ન ઉતરી. અને કરે તો શા માટે ? પિસ્તોલ હાથમાં લઇ તે શેઠના શબ સમીપ આવ્યો. પુંઠે મનોરમા પણ મંદ મંદ પગલે ત્યાં આવી.

રૂધીરથી રંગાયલા શેઠની પાસે મંજુ અને મનોરમા ઉભા હતા. એજ પળે ડિટેકટીવ દેવેન્દ્ર પોલિસો લઇ ત્યાં ધસી આવ્યો. સૌથી આગળનો માણસ બોલ્યો. "પકડો. ખની હજુ અહીંજ છે."

આ આવનાર, અને ડિટેકટીવને તેડી લાવનાર મોહનલાલ પોતેજ હતો. નિર્દોષ બિચારા મંજુના હાથમાં બેડીઓ પડી. ધર્મ કરતાં ધાડ આવી. તેની વાંકી વિધાતાએ તેને–નિર્દોષને ગુન્હેગાર ઠરાવ્યો. ચોરીનો આરોપ ઓછો હતો, તે વધારામાં ખૂનનો પણ આરોપ તેને માથે આવ્યો.

"તમે કોણ છો ? બ્હેન !" દેવેન્દ્રે આંસુ ભરતી મનોરમાને પૂછ્યું.

"એ મ્હારી પુત્રી છે. ડિ. સાહેબ." કહેતાં મોહનલાલે તમામ વાત દેવેન્દ્રને કહી સંભળાવી.

"શેઠ મંજુલાલને લઇ એકલા ઓરડામાં ગયા, ત્યારે મંજુલાલનો ગજવા તરફ વારંવાર જતો હાથ મ્હેં બારીકાઇથી જોયો હતો. મ્હને શેઠનો જાન જોખમમાં લાગતાંજ સમયસૂચકતા વાપરી તમને આગળથી ચેતાવ્યા. પરન્તુ તમો જુઓ છો, કે અંતે બનનાર બની ગયું છે. મ્હારી શંકા સાચી પડી છે."

"બ્હેન ! ત્યારે તમે તો ઘરમાંજ હતા. ખૂન કરનાર આજ માણસ છે ! કે કોઇ બીજો ? એતો તમે જાણતા હશો !"

"હા. ખૂની આ માણસ નથી."

"ત્યારે ! તમારા પિતાજી શું કહે છે ?"

"તેઓ તદ્દન જુદું બોલે છે."

"ડીટેકટીવ સાહેબ ! તમે એની એક પણ વાત કાને ન ધરતાં. આ માણસ મ્હારી પુત્રીને ચ્હાય છે. જેને લઈનેજ એને બચાવવા એ જુદું બોલે છે."

"ના...ના...ડિ. સાહેબ એમ નથી. ખૂન મ્હેં પોતે કર્યું છે."

ડિટેકટીવ, મંજુ અને મોહનલાલ ત્રણેય મનોરમાનો આ ખુલાસો સાંભળી જોતાંજ રહ્યા !

"મંજુલાલ ! તમારે કાંઇ કહેવાનું છે ?"

"ખૂનીને હું ઓળખતો નથી. તેમ મનોરમા ખૂન કરે એ વાત પણ હું માની શકતો નથી. કારણ ? એને શેઠનું ખૂન કરવાનું કશુંંજ કારણ નથી. બાકી હું તો તદ્દન નિર્દોષ છું."

"હાલ તો હું તમને બંનેને લઇ જાઉં છું. યોગ્ય જુબાની સાંભળ્યા પછી તમારો નિકાલ ન્યાયમંદીરમાં થશે. અને મી. મોહનલાલ ! તમને એક પ્રતિષ્ઠિત આસામી તરીકે હું હાલ નથી લઇ જતો. તમે શેઠનું શબ લઇ જઈ તેમના સગાવ્હાલાને સોંપો. ઘટતો બંદોબસ્ત કરો. પરન્તુ જ્યારે તમને બોલાવવામાં આવે ત્યારે તમારે હાજર થવું."

મોહનલાલે સલામ કરી. દેવેન્દ્ર મનોરમા અને મંજુને લઇ ચાલતો થયો. કેવો નિર્દય બાપ ! જેણે પોતાની સગ્ગી પુત્રીને પણ ન છોડી ! એની પણ દયા ન આવી ! આવા વિચિત્ર નમુનાઓ પણ દુનિયાના પટ ઉપર અસ્તિત્વ ધરાવે છે, ખરા !

પુષ્પઃ—૬ ઠું.

"જામીન."

મંજુ અને મનોરમાનો આજે ન્યાય થઇ રહ્યો છે. મોતીની માળા પાછી મળી આવી છે, એવી શેઠની એકની એક વારસ–પુત્રી મોતી પણ ન્યાયમંદીરમાં આવી બેઠેલી છે.

સૌથી પ્હેલી મનોરમાની જુબાની લેવાવા માંડી. પરન્તુ તેની પાસેથી કંઇજ નવું જાણવાનું મળ્યું નહી. ભરી કોર્ટમાં તેણે બેધડક કબુલી દીધું, કેઃ—"ખૂન મ્હેં પોતે કર્યું છે." જે માનવાને કોઇ પણ કારણ ન્હોતું.

એટલામાં ડિટેક્ટીવ દેવેન્દ્ર ત્યાં આવી પ્હોંચ્યો. તેના હાથમાં એક પત્ર હતો. ન્યાયાધીશની પાસે આવી તે પત્ર તેના હાથમાં આપતાં તે બોલ્યો. "સાહેબ! આ પત્ર મનોરમા બ્હેનના ઘરમાંથી મ્હને મળી આવ્યો છે. આજે સવારે હું એમના ઘરમાં ખૂનની વધુ બાતમી મળે તો મેળવવા ગયો હતો, ત્યારે એ મ્હારા હાથમાં આવ્યો. હું ધારૂં છું કે એ પોસ્ટમેને અંદર નાખેલો હોવો જોઇએ. એની ઉપર મનોરમા બ્હેનનું નામ હોવાથી, અને મ્હને શંકા પડવાથી મ્હેં એ ફોડયો છે. આ એકજ પત્ર મનોરમા "ખૂની નથી" એમ પૂરવાર કરે છે."

ન્યાયાધિશે એ પત્ર ખોલ્યો. અંદર શું લખ્યું હતું ?

ચી. મનોરમા.

પાપની શિક્ષા મ્હેં જાતેજ શોધી લીધી છે. આ પત્ર લખી હું આપઘાત કરૂં છું. ત્હારા પિતાને તું જરા પણ મ્હાતી હોય તો મરતાં સુધી, તું જે વાત જાણે છે, તે દીલમાંજ દાબી રાખજે.

લી. ત્હારો અભાગી પિતા

" મોહનલાલ. "

મોતી, મનોરમા, મંજુ અને તમામે એ પત્ર માંહેનું લખાણ વાંચ્યું. તે પછી ન્યાયાધિશે મનોરમાને પૂછ્યું.

" આ પત્ર ઉપરથી એમ માલુમ પડે છે, કે ખૂની મંજુ નથી તેમ તમે પણ નથી, પરન્તુ તમારા પિતા પોતેજ છે. ખરી વાતને ?"

પિતાના આપઘાતનો અંતીમ પત્ર સાંભળી મનોરમાનું અંતઃકરણ ભરાઈ આવ્યું. દુનિયાભરમાં તેને એક નીકટના સગામાં તાત હતા. તે પણ તેના ન થયા, ન રહ્યા. તે ભગ્નહૃદયે બોલી. "હું હવે કશું પણ કે'વા નથી માંગતી."

"ભલે! હું એ કામ દેવેન્દ્રને પોતાને સોપું છું. મી. દેવેન્દ્ર! ખૂનીને શોધી કાઢવાનું કામ હવે તમારે માથે. પત્રમાં ખાલી ધમકી છે. ખૂની આપઘાત કરે એમ મ્હને તો નથી લાગતું."

"હું પણ એમજ ધારૂં છું, સાહેબ!"

"મનોરમા! ખૂની ન પકડાય, ત્યાં સુધી મ્હારે ત્હને ન છૂટકે નજરકેદ રાખવી પડશે. નહી તો ત્હારે જામીન આપવો પડશે."

"એની જામીનગીરી આપવા હું તૈયાર છું." મનોરમાના દુઃખે દાઝતી આ શબ્દો ઉચ્ચારનાર શેઠની એકની એક પુત્રી મોતીબેરી હતી. ન્યાયાધિશે મનોરમાને એને સોંપી.

"મંજુલાલ ! તમારા ઉપરથી ખૂનનો આરોપ ધારો કે હાલમાં આધો મૂકીએ, તોપણ મોતીની માળાની ચોરી માટે તમે શું ખુલાસો કરી શકો એમ છો ?"

"ન્યાયમંદિર મ્હને મ્હારી નિર્દોષતા પૂરવાર કરી આપવા બે માસની મુદત બક્ષી છૂટો કરે, તો હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું, કે ખૂનીને પકડી તો નહી, પરન્તુ એનો પત્તો તો જરૂર મેળવી લાવીશ."

"વારૂ ! તમે કોઇ જામીન આપી શકશો ?"

"મ્હને કોઇ ઓળખતું નથી. ગરીબનો બેલી કોણ થાય ?"

ડિરેકટીવ દેવેન્દ્ર "સાહેબ ! મંજુલાલનો જામીન હું પોતે થાઉં છું. એને મ્હારી પોતાની જામીનગીરી ઉપર છોડો."

"જી. દેવેન્દ્ર ! જોજો આ સાહસ ન કરતા."

"એની ફીકર નહી રાખો. મ્હારા આટલા વર્ષના અનુભવે હું કહું છું, કે મંજુની મુખાકૃતિના ભાવ ખૂની કે ચોરના નથી."

"તો ઘણું સારૂં."

કોર્ટ બરખાસ્ત થઇ. મનોરમાને મોતી, અને મંજુને દેવેન્દ્ર જામીન ઉપર છોડાવી ગયાં. છૂટાં પડતાં પડતાં દેવેન્દ્રને બીજે દિવસે પોતાને મળી જવાનું મોતીએ આમંત્રણ આપ્યું. દેવેન્દ્રે તે રાજીખુશીથી સ્વીકાર્યું. જ્યારે મનોરમા અને મંજુની ચાર આંખો પણ મળી ભેટીને છૂટી પડી.

પુષ્પ:—૭ મું.

" માળા અને મનોરમા બંને ગુમ. "

બીજે દિવસે મોતીના મકાનમાં નીચે પ્રમાણે વાત ચાલી રહી હતી.

"દેવેન્દ્રભાઈ ! મનોરમા કાલ રાત્રિની ક્યાંક અદ્રશ્ય થઇ ગઇ છે, તે હજુ સુધી પાછી નથી આવી."

દેવેન્દ્ર ચમક્યો. "એને ગયાને કેટલોક વખત થયો ?"

"લગભગ બાર કલાક."

"કાલે એ ક્યાં સુધી અહીં હતી ?"

"રાત્રિએ અમે બને સાથેજ સુતા હતાં. પરન્તુ સવારે ઉઠતાં મ્હેં એની પથારી ખાલી જોઈ."

દેવેન્દ્ર અને મોતી આ વાત કરી રહ્યા હતા, એકાએક દ્વાર ઉઘડયું. અશ્રુભરતી અને શ્રમિત એવી મનોરમા અંદર આવી શ્વાસભેર મોતીને ભેટી પડી.

"મનોરમા ! તું ક્યાં ગઇ હતી ?. રડે છે કેમ ?"

"મ્હને કોઇ લઇ ગયું હતું."

"ક્યાં ?"

"મહાદેવીના મંદિરમાં...પરન્તુ હું ત્યાંથી મહામહેનતે નાસી આવી છું."

"મહાદેવીનું મંદીર." એ શબ્દે દેવેન્દ્ર ચોંકયો. કારણ ? આ લોકપ્રસિદ્ધ નામ અને આમના ચમત્કારની વાત તેને કાને પણ બહુ આવી હતી. મોતીએ આગળ પૂછવું ચાલુ રાખ્યું.

"ત્હને ત્યાં કોણ લઇ ગયું હતું ?"

હવે મનોરમાની દૃષ્ટિ દેવેન્દ્ર ઉપર પડી. બોલતાં તો આટલી વાત તેનાથી બોલાઇ જવાઇ. પણ હવે તેણે વાત ઉડાડી. "તેની મ્હને કંઇજ ખબર નથી. હું તો બેભાન હતી."

પ્રિય વાંચક ! પ્રથમ પુષ્પમાં દર્શાવેલો પૂજારી મહાકાળ તેજ મનોરમાને રાત્રિના અહીંથી ઉઠાવી ગયો હતો. પ્રતિજ્ઞાથી જેનું મુખ બંધ છે, એવી મનોરમા કશો ખુલાસો આપી શકી નહી. અંતરની વાત અનિચ્છા છતાં તેને અંતરમાંજ દાબી રાખવી પડી.

દેવેન્દ્ર સમજયો, કે મનોરમાએ પોતાને ઓળખતાંજ વાત ઉડાડી દીધી, જેથી તે ઉભો થયો. "હયો ! બેસો. મનોરમા તો તમને આવી મળી. હવે હું કાલે આવીશ."

"ભલે ! પધારો."

ચતુર ડિટેકટીવ મનોરમાની ઉપર શંકાશીલ દૃષ્ટિ નાખતો એ ઓરડો છોડી ગયો. પરન્તુ તેના દીલમાં એટલું તો નક્કી ઠસી ગયું, કે "મનોરમા ! તમામ ભેદથી માહિતગાર છે. કોઇ ખાસ કારણસર તે કાલરાત્રે ગૂમ થવાનું બ્હાનું કાઢે છે, જે જે વાત કરે છે, તે તમામ બનાવટી છે. ફીકર નહિ ! સૌથી પ્હેલાં એનેજ બોઇ લેવી પડશે !"

દેવેન્દ્ર ઘેર ગયો. શું કરવું ? તેનો નિશ્ચય તેણે કરી નાખ્યો.

* * * *

રાત્રી પડી. એ વખતે બે માણસો દેવેન્દ્રના ઘરમાંથી બ્હાર નીકળ્યા. જેમાં એક દેવેન્દ્ર પોતેજ હતો. જ્યારે બીજીને આપણે કાળી આકૃતિને નામે ઓળખીશું. દેવેન્દ્રે એના કાનમાં કંઈક કહ્યું. એટલે તે માથું નમાવી ત્યાંથી ચાલતી થઈ.

દેવેન્દ્રે આગળ ચાલવા માંડ્યું. તે મોતીને ઘેર જઈ રહ્યો હતો. શા માટે ? મનોરમા કાલ રાત્રે અલોપ થઇ ગઇ હતી, તેમ આજ રાત્રે અલોપ થાય છે કે નહી ! અને થાય છે તો ક્યાં ? એ જોવા માટે.

પરન્તુ તેને ક્યાં ખબર હતી ? કે તેની પણ એક ભેદી–મૂર્તિએ પૂંઠ પકડી હતી. એ ભેદી–મૂર્તિ દેવેન્દ્રનાજ ઘરમાંથી દેવેન્દ્રનાજ છૂપાં કામો ઉપર દેખરેખ રાખવા નીકળી હતી.

દેવેન્દ્ર મોતીના ઘરમાં દાખલ થયો. પૂંઠે પેલી ભેદી–મૂર્તિ પણ દાખલ થઇ. ડિટેક્ટીવની પાછળ ડિટેક્ટીવ !

*　　*　　*　　*

આ વખતે રાત્રિના લગભગ સાડાદશથી અગીઆરનો શુમાર થયો હશે. મોતી અને તેની સામેનાજ પલંગ ઉપર મનોરમા સૂતેલાં હતાં. કોઇ ન જાણે એમ મનોરમા પલંગ ઉપરથી નીચે ઉતરી. ડરતી કંપતી તે મોતીના પલંગ પાસે ગઇ.

ભર ઉંઘમાં પડેલી મોતીએ કંઠમાંહેથી મનોહર માળા સૂતી વખતે બ્હાર કાઢી ઉશીકા નીચે મૂકેલી હતી. મનોરમાએ એ ધીરેથી ઉઠાવી.

માળા ઉઠાવી જેવી તે એકજ ડગલું આગળ વધે, તે પહેલાં તો મોતીના પલંગ નીચે સંતાયલો દેવેન્દ્ર બ્હાર આવ્યો. મનોરમાનો હાથ તેણે પકડ્યો. "સબૂર !"

ઓરડામાં બળતાં મંદમંદ દીપકના પ્રકાશમાં મનોરમાએ એનું મોઢું જોયું. એના મુખમાંથી એક ઝીણી ચીસ નીકળી ગઈ. "કોણ દેવેન્દ્રનાથ !"

"હા. મનોરમા ! આખરે મ્હારી શંકા સાચી પડી છે."

મનોરમાની ચીસથી મોતી જાગી ઉઠી. આશ્ચર્યમાં પડેલી મોતીને દેવેન્દ્રે પોતે "ક્યારે આવી ? અહીં શા માટે સંતાયો હતો ? તથા મનોરમાને તેણે માળા ચોરતાં કેવી રીતે પકડી હતી? વગેરે તમામ વાત કહી

"મનોરમા ! આ શું ?" મોતીની આંખમાં આંસુ આવ્યાં.

"બ્હેન ! તમે મ્હને ચોર માનો છો ?"

"ત્યારે દેવેન્દ્રનાથે જે નજરે જોયું, અને તું પકડાઇ, એ બધું ખોટું ?"

"નહી. મ્હેં ચોરી કરી છે. ખૂન કર્યું છે. પરન્તુ મ્હારી પોતાની મરજીથી નહી."

"ત્યારે ?"

"બસ. એટલુંજ કૃપા કરી મ્હને ન પૂછો. મ્હારી જીભને કોઇએ જકડીને બાંધી લીધી છે. હાય ! મ્હને એવું થાય છે કે હું તમને દીલ ખોલીને બધું હમણા કહી દઉં. પરન્તુ ના...તેમ નથી કરી શકતી."

"સવારે વાત. મોતીબ્હેન ! અત્યારે તો હું એને મ્હારી સાથે લઇ જાઉં છું. સવારે થઇ રહેશે."

"હા. પરન્તુ જોજો ! એ માબાપ વગરની છે. એને કંઇ નિર્દય શિક્ષા ન કરશો."

"વાંઓ વિચાર કર્યો વિના દેવેન્દ્ર એવું કંઇ પણ પગલું નહી ભરે. એ ખાત્રી રાખજો."

મનોરમાનો હાથ પકડી દેવેન્દ્ર આગળ ચાલ્યો. ઓરડામાં એક ટેબલ હતું. જેની ઉપર ઝીણો દીવો બળી રહ્યો હતો. ત્યાં આવતાંજ તેને પેલી માળા સાંભરી. અરે! આ તમારી માળા તો પાછી આપવી ભૂલીજ ગયો. લ્યો."

મનોરમાના હાથમાંથી પાછી મેળવેલી માળા દેવેન્દ્ર પાસેથી લેવા જાતી એક ડગલું ભરે, ત્યાં તો પેલી ભેદી મૂર્તિ ટેબલ પાસે આવી ઊભી રહી. ફૂંક મારી તેણે દીવો હોલવી નાખ્યો. ઓરડામાં અંધારું પથરાઇ ગયું. દેવેન્દ્રના હાથમાંથી એક આંચકો મારી તેણે પેલી મોતીની માળા ઝુંટવી લીધી. મનોરમાનો હાથ ઝાલી તે તેને બ્હાર ઘસડી ગઇ.

અંધારામાં ફાંફાં મારતા દેવેન્દ્રે "મોતી! મોતી!" એમ બે ત્રણ બૂમ મારી. ગજવામાંથી દીવાસળીની પેટી કાઢી દીવો સળગાવતાં તે છટકેલી મનોરમાનો હાથ ઝાલવા પલંગ પાસે દોડયો. પણ અફસોસ! એના પ્રકાશમાં એણે જોયું કે તે મનોરમા અમર તો દીવો હોલવનાર વ્યકિત નહી, પરન્તુ ભયથી ડરી ગએલી મોતીજ હતી.

દીવો પ્રકટાવી મોતીને ધૈર્ય આપી ડિટેકટીવ નીચે દોડયો. જે વખતે પેલી ભેદી મૂર્તિ મનોરમાને લઇ પુષ્કળ દૂર નીકળી ગઇ હતી. બહુ દૂર આવ્યા પછી પેલી મૂર્તિએ પોતાનું મોઢું ખુલ્લું કર્યું. "ગભરાઇશ નહી. બ્હેન! હું પણ ત્હારા જેવી એક સ્ત્રીજ છું. વિશેષમાં ત્હારી હિતેચ્છુ છું. લે! આ મોતીની માળા."

મનોરમાએ અજાયબીમાં ગર્ક થતાં એ મોતીની માળા પોતાના હાથમાં લીધી. તે પછી તે બોલી. "તમે કોણ છો!"

"તે હું ત્હને નહી કહું. પરન્તુ લે. આ મ્હારી યાદગીરી. એને સાચવજે. ભવિષ્યમાં એ ત્હને કામ લાગશે." એટલું બોલી તે ભેદી

मूर्ति अमर लेडी रमणीએ तेनी आंगळीमांथी એક वींटी काढी मनोरमानी आंगળीએ પહેરાવી દીધી.

"મનોરમા ! હવે તું ખુશીથી આ માળા લઇ મહાદેવીને મંદીરે જઇ શકે છે. પરન્તુ જોજે ! ડિટેક્ટીવ દેવેન્દ્રનો એક માણસ હારી પૂંઠ પકડવા નીકળી ચૂકયો છે. સંભાળજે."

આ બધી છુપી વાતથી જાણીતી એવી આ રમણીને જોતાંજ મનોરમા ઝાંખી પડી ગઇ. "તે બોલી. તમે મ્હને ઓળખો છો ? તમારૂં નામ તો બતાવો."

"એની વાર છે. ઉલ્ટી એક વાત તું જાણતી હોય, તો મ્હને બતાવ. ત્હારા પિતા (મોહનલાલ) કયાં છે ?"

"તેની મ્હને ખબર નથી. એમના લખ્યા પ્રમાણે કદાચ એમણે આપઘાત કર્યો હોય !"

"એમ ન બને. હશે. મ્હારા ઉપકારના બદલામાં હું ત્હારી પાસે એટલું માગી લઉં છું, કે જો ત્હને એ મળે તો એને દેવેન્દ્રના પંજામાંથી મુકત કરવા જીવ આપજે. દેવેન્દ્ર એની પૂંઠે પડેલો છે."

"તમે મ્હારા પિતાને પણ ઓળખો છો ?"

"ઓળખું છું. એટલુંજ નહી, પરન્તુ ત્હારા કરતાં પણ હું એને વધારે ચાહું છું. વધારે હકક ધરાવું છું. વધુ નીકટની સગી છું." આટલું કહેતાં એ લેડી-રમણી દોડી ગઇ. આશ્ચર્ય પામતી અને ઉંડા વિચાર કરતી મનોરમા તે પછી પેલી માળા લઇ પોતાની પ્રતિજ્ઞા પાળવા મહાદેવીને મંદીરે ચાલવા લાગી.

"એ લેડી-રમણી કોણ હશે ?" એનાજ વિચારમાં ઉંડી ઉતરી આંધળાની માફક ચાલતી મનોરમાને પેલી ચેતવણી યાદ ન રહી, કે:- "ત્હારી પાછળ દેવેન્દ્રનો એક ગુપ્તચર છૂટી ચૂકયો છે."

પુષ્પ પહેલામાં મહાદેવીનાં મંદીરને જે ભેદી રસ્તો શહેરમાં નીકળતો હતો, તેજ ભેદી રસ્તે જતા મનોરમા વળી, તેની પૂંઠે ડિટેકટીવ દેવેન્દ્રનો માણસ જેને આપણે કાળી આકૃતિને નામે ઓળખાવી ગયા છીએ, તે પડયો. * * * *

જ્યારે બીજી બાજુ મનોરમા અને મોતીની માળાના ચોરનારને પકડવામાં નિષ્ફળ ગએલો ડિટેકટીવ થોડી વાર મોતીની પાસે બેઠો. પોતાની આંખમાં ધૂળ નાખી આમ છેતરી જનાર બદમાશને જરૂર પકડી આપવાનું વચન આપી તે ત્યાંથી હાથ ઘસતો નિરાશ મુખે પાછો ફર્યો.

રાત્રીના બાર વાગ્યા છતાં તેની અત્યંત અજાયબીની અંદર બારણે તેની એક પરિચિત રમણી ઉભેલી હતી. દેવેન્દ્ર તેને જોતાંજ બોલ્યો.

"માયા! હજુ તું નથી સૂતી? જાગે છે?"

"હા. ભાઇ! ઉંઘ ન્હોતી આવતી, એટલે જરા બ્હાર આવી. તમને અંદર ન જોયા. પણ મ્હારે તમને એક ખાસ વાત કહેવાની છે."

"ખાનગી વાત"નું નામ સાંભળતાંજ દેવેન્દ્ર ચમકયો.

"કહે! શું છે?" "અંદર આવો કહું."

માયા ડિટેકટીવ દેવેન્દ્રની ધર્મ–ભગીની હતી. દેવેન્દ્રને માયા ભાઇને સંબોધનેજ બોલાવતી હતી. મનોરમાને બચાવનાર તથા ચેતાવનાર, દેવેન્દ્રને થાપ આપી મોતીની માળા ઉઠાવી જનાર, અને ભાઇ દેવેન્દ્રને છેતરનાર ભેદી રમણી એજ આ એની બ્હેન માયા!

મનોરમાને એને રસ્તે મૂકી તે હવે દેવેન્દ્રને બનાવવા ઘેર આવી રહી હતી. પેલી કાળી આકૃતિને દેવેન્દ્રે મહાદેવીને મંદીરે તપાસ કરવા મોકલી, એ વાત તેણે પોતે સંતાઇને સાંભળી હતી, અને એથીજ તે મનોરમાને એ બધી વાત કહી શકી હતી.

માયા અને દેવેન્દ્ર અંદર ગયા. તે પછી માયાએ કહ્યું. "ભાઇ ! જ્યારે મ્હારી આંખો ઉઘડી ગઇ, અને મ્હેં તમને ઘરમાં ન જોયા, ત્યારે હું બ્હાર આવી. થોડી વાર થઇ હશે, ત્યાં કોઇ બે વ્યક્તિઓને ન્હાસતી મ્હેં જોઇ. સ્વાભાવિક જિજ્ઞાસા થતાં હું એમની પૂંઠે ગઇ. થોડે ગયા પછી તે બે વ્યક્તિઓ થોભી. તેઓની વાતચીતમાંથી એકજ શબ્દ મ્હારે કાને છેલ્લેછેલ્લો પડયો, અને તે "મોતીની માળા."

દેવેન્દ્ર આગળ સાંભળવા ન થોભ્યો. તે તુર્તજ ઉભો થઈ ગયો. "એ બે વ્યક્તિ તે બીજી કોઇ નહી, પણ એક મનોરમા અને બીજી એને બચાવનાર, મોતીની માળા મ્હારા હાથમાંથી ઝુંટવી જનાર." તે સ્વગત બડબડયો. "એ કયાં ગઇ ?" ડિટેકટીવ દેવેન્દ્રે માયાને પૂછયું.

"મહાદેવીને મંદીરે." એ તેમના મુખમાંથી બ્હાર પડેલો છેલ્લો શબ્દ હતો.

"બસ ! ત્યારે તો એજ. ફીકર નહી. મ્હારા હાથમાંથી છટ્કી છે. પણ હવે આગળ કયાં જવાની છે ? મ્હારો ગુપ્તદૂત (કાળી આકૃતિ) એને કદાપી નહી છોડે."

આટલું બોલતાં દેવેન્દ્રે હર્ષાવેશમાં તેની બ્હેનને શાબાશી આપી. "માયા તું પણ મ્હારે ત્યાં રહી ડિટેકટીવપણું કરતાં શીખી ખરી. હોં !"

"અમે તેવી. પણ બ્હેન તો તમારીજને ! સંગ તેવો રંગ."

"સાબાશ ! સાબાશ !"

પણ, બિચારા દેવેન્દ્રને કયાં ખબર હતી ! કે માયા પોતાની ઉપર વિશ્વાસ બેસાડવાને માટેજ આ બધી બનાવટી વાતો કહી, તેને છેતરી રહી હતી !

પુષ્પ:–૮ મું.

"આપઘાત."

(પુષ્પ-ત્રીજાનું અનુસંધાન)

મુ

મ્બાપુરીના પ્રસિદ્ધ સમુદ્રને કાંઠે રાત્રિના કાળા અંધકારમાં એક દીવાની બાળા પોતાના હાથમાં એક મૃત બાળકનું શબ લઇ આંસુડા વેરતી ઉભી હતી. એ આપણી પૂર્વ-પરિચિત ગર્ભવતી કુમારિકા, મણીલાલની પાપીવૃત્તિનો ભોગ થએલ કમનસીબ બાળા મણી!

સવિતાના ખોળામાં પોતાની દશ દિવસની બાળકી મનોરમાને મૂકી, તેના મૃત પુત્રનુ શબ લઇ મણીએ સીધો સમુદ્રનો રસ્તો પકડયો. કાળું મોઢું લઇ જગતમાં જીવવું, અને કુતરાની મોતે હડહડ થઇ ધિક્કારમય કંગાલ જીવન ગુજારવું, એ એને ન્હોતું ગમતું. ભૂલેલી છતાં ભયહીન એ બાળા આપઘાતનો નિશ્ચય કરીનેજ અત્યારે અહીં આવી હતી.

સમુદ્રના શાન્ત પ્રવાહને સંબોધી તે બોલી, "ઓ પ્રભુના અંશ એવા મહાસાગર! આ પ્રભુના રચેલા પૂતળાંને હું ત્હારા ખોળામાં પધરાવું છું. એની આયુષ્યરૂપી દોરી તૂટી ગઇ છે. તું કૃપા કરી એ બાળકને પાછું લઇ જઇ એનાજ ચરણોમાં સમર્પી દેજે, અને કહેજે કે હવે એ પૂતળાની નવી-દોર આવી, છેક કાચી નહી, પરન્તુ કંઇક પાકી નાખે."

ઉંચા હાથ કરી પેલા મૃત બાળકને એણે સાગરરાજને સોંપ્યું. સાગરે પણ એને હર્ષથી વધાવતાં 'હા.' એવો પ્રતિઘોષ કરી શાન્તવન અને કબૂલાત આપી. તે પછી તે બાળા સ્વગત બોલવા લાગી.

"હવે હું પણ તૈયારી કરું. કારણ ? દુનિયામાં હવે મ્હારે માટે એક પણ સ્થાન બાકી રહ્યું નથી.

આખું જગત્ જેને તજે, એવા અભાગી જીવને,
આખર શરણ જાવું રહ્યું...શ્રી પતિતપાવન શીવને.
પાપી નથી એને પરાયા, (તેમ) પૂણ્યવાનો નહી સગા,
છે એજ એકજ સ્થાન જ્યાં સરખી ઉભય માટે જગા.

જે હતભાગી, કંગાલ અને કુકર્મી પ્રાણીને દુનિયા દયાની ભિક્ષા દેવા સાફ ના પાડે છે, જેને આંગણે આવતો જોઇ લોકો દ્વાર બીડી ઘરમાં ભરાઇ જાય છે, જેના કરુણ પોકારો કાને પડયા છતાં લોકો પોતાને બધીર હોવાનું સમજાવવા મથે છે, એવા...

જે જીવને આખા જગત્‌માં કોઇ સંઘરતું નથી,
પોકાર જેનો કોઇ કાને એક પણ ધરતું નથી.
જેના જીવન-મૃત્યુની પરવા કોઇ પણ કરતું નથી,
એવુંય પાછું શ્રી-પ્રભુના દ્વારથી ફરતું નથી.

મ્હારાથી પણ મહાન પાપીઓને પ્રભુએ પોતાને ત્યાં પ્રવેશવા દીધાં છે, તો હું એક વધારે નહી પડું. મ્હને પણ જરૂર જગ્યા મળવીજ જોઇએ. મ્હેં પાપ કર્યું, અને એની સજા પણ પૂરી ભોગવી. આબાપ ખોયાં, સુખ સંતોષ ખોયાં, નામ બોળ્યું, આબરૂ ગુમાવી, કલંકિત થઇ, છેવટે આપઘાતનું મહાન પાપ પણ માથે ચઢાવવા આવી છું. એ શું ઓછું છે ? ના...ના...ઓ મ્હારી તરફ ધિક્કારની નજરે હમણા તો જોઇ ખડ ખડ હસતા, યુવાન બાળકો ! તમે પણ યાદ રાખજો. તમને પણ એક દિવસ મ્હારી પેઠેજ દીવાની યુવાની આવશે ! તમને પણ સમય ભૂલાવશે. હું તો ભૂલી છું, સંયમ મૂકી, અમૃત મૂકી, અનીતિના પથમાં મૂકી હળાહળના કુંડમાં ડુબી છું. જોજો ! તમે એમાં ન સરી પડતા !

બળકતી રોશની (માયા) ચંચળ નહી એકે સદાની છે,
મઝા' મ્હોબ્બત, જગત્, જીવન, બધી એ બીજ ફાની છે.
મુનિ, સાધુ, અને સંતો ! મહાત્રિકાળ જ્ઞાની જે,
અનુભવથી લખ્યું અંતે "યુવાની એ દીવાની છે."

એમાં બિલ્વમંગળ, માલવપતિ, અને દિલ્હીપતિ જેવા ભૂલ્યા, ભલભલા ડાંપણના દરિયાઓ અહીંજ ડુબ્યા, એને આરે સયંમી અને સમાધિસ્ત વિશ્વામિત્ર જેવા મહાત્માઓના નેત્રો પણ ખુલ્યાં.

યુવાની અંગ ઉભરાતાં અજબ ચેતન જગાવે છે,
છૂપાઇ પુષ્પધન્વા પ્રેમના તીરો લગાવે છે.
મુખે મંગાય ના એવું હ્રદય પાસે મગાવે છે,
કૂણું, નિશ્ચલ, અને નિર્મળ કુમારૂં દીલ ડગાવે છે.

યુવાની એવી છે, કે જેઃ—

મ્હોટમ્ માન મુકાવતી ! વળી નયનની શર્મ,
પવિત્ર કૂળના આબરુ ! મર્યાદા ને ધર્મ.

મ્હેં તો એ મૂક્યાં છે. ઠોકર ખાધી છે. હવે તમે કોઇ ન ખાવ, એટલા માટેજ આગળથી ચેતાવું છું. છતાં યાદ રાખજો ! બનારને કોઇ અટકાવી શક્યું નથી, તમે પણ લાખો પ્રયત્ને અટકાવી શકનાર નથી.

જન્મતાં જે મેખ સૌના ભાલમાં સર્જાય છે,
ભાગ્યમાં જે લેખ ગતકર્માનુસાર લખાય છે;
વિપરિત થવાનું હોય ત્યારે જ્ઞાની ગોથાં ખાય છે,
કંઇ કાળથી કિરતારના ક્રમસર થવાનું થાય છે.

કહે છે કેઃ—કાળા માથાના માનવી શું કરી શકે ? એનો જવાબ એજ કેઃ—"કંઇજ નહી." પ્રભુની પારાવાર સૃષ્ટિ-લીલામાંથી એમની ઇચ્છા વિના ન એક નવું ઉપજાવી, વૃદ્ધિ કરી શકાય ! અગર તો ન એક

એમની આજ્ઞા વિના એહું કરી શકાય. કર્મ કરવાની શકિત મનુષ્યને પ્રભુએ ભલે બક્ષી હોય, પરન્તુ ફળને માટે તો અંતે ઉંચેજ જોવાનુ રહ્યું. એજ બતાવે છે. ખુલ્લું સમજાવે છે. કે ઈશ્વરેચ્છા બલિયસી."

"મ્હેં દૂ-કર્મ કીધું છે. એને પશ્ચાતાપથી ધોઇ-પ્રજાળી નાખવાની તક-વખત દુનિયા મ્હને નથી દેતી. એ તો ઉલટી દિન પર દિન નવનવી લાલચો દેખાડી, આકર્ષી, મ્હને રડાવે છે, ભમાવે છે, ડગમગાવે છે. અહીં એવા સ્થાનમાં રહી હું શું કરું ? કાયાના કલ્યાણની આશા આવા હડહડતા કળિયુગમાં હે દાદા ! ત્હેં કયાં રહેવા દીધી છે ? એવું એક તો પાકસ્થાન મ્હને બતાવ ! કે જ્યાં ધર્મ છે, નીતિ છે, સત્ય છે. ત્હારી આ પુણ્યપવિત્ર ભૂમિમાં હવે તો હું ઠેર ઠેર અપવિત્રતા, અજ્ઞાન, પાપ અને અધર્મનાજ અંધકાર છવાયલાં દેખું છું. પવિત્ર પ્રેમ અને જ્ઞાનના-પુણ્ય દીપકોના પ્રકાશ તો હું કયાંયે નથી ભાળતી !

ગયું; તમામ ગયું. હસવાનુ અને હરખાવાનું જાઇ, હવે હતભાગીઓના નસીબમાં દડ દડ આંસુ પાડવાનુ, અને દીલગીર થવાનુ રહ્યું. એવી દયાહીન ધરતી પર હે પ્રભુ ! હું હવે એક ડગ પણ ભરવા નથી ઇચ્છતી. કૂદકો મારું છું, ત્હારૂં નામ દઇ અંધ બની ઝંપલાવું છું. હાથ ઝાલી, ઉપર-ત્હારી પાસે, ખેંચી લેજે. અપવિત્રનો કર પકડી હે પતિત પાવન ! હવે જરૂર ઉદ્ધારી દેજે."

સમુદ્રમાં એક પ્રચંડ ધબાકો થયો. એ કલંકીની આર્ય-કુમારિકા મણી ત્હેલેજ ભુસકે સમુદ્રનું તળીઉં જોઈ નાખી, આખું અંગ ભીંજવી ઉપર આવી. બીજી, અને ત્રીજી વાર ઉપર આવતાંજ એની કમરમાં એક જાડા દોરડાનો ગોળ ફાંસો ભરાઇ ગયો. એ બેભાન બાળા આકાશ તરફ અદ્ધર ઉંચે ખેંચાઇ.

પુષ્પઃ—૯ મું.

"કાળી આકૃતિ."

શંકાશીલ ડિટેક્ટીવ દેવેન્દ્ર જ્યારે મોતીના મકાનમાં તેન પલંગ નીચે સંતાયો, ત્યારે મહાદેવીના મંદીરે પોતાન એક ગુપ્તચરને પણ તેણે છુપી બાતમી મેળવવા મોકલ્યો હતો. એ ગુપ્તદૂતને આપણે કાળી આકૃતિને નામે ઓળખીશું.

મોતીની માળા લઇ ન્હાસતી મનોરમા આગળ, અને પેલી કાળી આકૃતિ તેની પાછળ, એમ બંને પેલા છૂપા રસ્તે મહાદેવીને મદીરે જવા લાગ્યા. રાત્રિના કાળા અંધારામાં કોઇ કોઇનું મોઢું જોઇ શકે એમ ન્હોતું. પેલી કાળી આકૃતિએ છલંગ મારી મનોરમાને પકડી તેના હાથમાંથી છુટવા મનોરમા વધારે ફાંફાં મારે, તે પહેલાં તો તેન નાક આગળ ક્લોરોફોર્મથી યુક્ત એવો રૂમાલ દાબવામાં આવ્યો. બીજીજ પળે બેશુદ્ધ બની મનોરમા જમીન ઉપર ઢળી પડી.

પોતાના બંને હાથ ઉપર બેશુદ્ધ મનોરમાને ઉઠાવી એ કાળી આકૃતિ એક ખુણામાં લઇ ગઇ. ગજવામાંથી તેણે ચોર ફાનસ બ્હાર કાઢ્યું એનો પ્રકાશ તેણે એ બેશુદ્ધ બાળાના વદન ઉપર નાખ્યો. મનોરમાને જોતાંજ તે એક ડગલું તે પાછળ હઠી. "કોણ... મનોરમા!"

મોતીની માળા હસ્તગત કરવાનુ ભાન તેને ન રહ્યું. પોતાની ફર્જ ભૂલી ઉલટી એ કાળી આકૃતિ એને શુદ્ધિમાં લાવવાના ઉપચાર કરવા લાગી. થોડી વારે મનોરમાની આંખો ઉઘડી. ચોર ફાનસના પ્રકાશમાં એ ખુલ્લા મોઢાવાળી કાળી આકૃતિ ઉપર એની નજર પડી.

"કોણ...તમે...છો ?" કહેતાંજ મનોરમા એ કાળી આકૃતિને હઠી બેઠી પડી.

"મનોરમા ! તું અહીં ક્યાંથી ?"

"તમે મ્હને હમણા જવા દયો."

"પણ તું...ચોર છે..."

"હા. એ બધું હું તમને વખત આવે કહીશ. કૃપા કરી અત્યારે મ્હને જવા દયો. નહી તો મ્હારો જીવ જોખમમાં છે."

આટલું બોલતાંજ તે રડી પડી. કાળી આકૃતિએ એને હૈયાં સરસી દાબી. બીજીજ પળે એ કાળા અંધકારમાં અદૃશ્ય થઇ ગઇ. થોડીવાર મનોરમાના વર્તન, અને આંસુ ઉપર વિચાર કરતી કાળી આકૃતિ ચોર ફાનસ લઇ આગળ વધી.

આ અરસામાં તો મનોરમા પેલા ગુપ્ત દ્વાર મારફત મંદીરમાં જઇ પ્હોંચી. ઘસઘસાટ ઘોરતા પૂજારીને ઢંઢોળી તેણે જગાડયો. ચોરી લાવેલી મોતીની માળા તેના હાથમાં મુકી.

જેને માટે તે રાતદિવસ આવાં જીવલેણ સાહસો ખેડી રહ્યો હતો, તે મોતીની માળા આજે પોતાના હાથમાં આવી, એ જોઇ તેના હર્ષનો પાર રહ્યો નહી. માળા પોતાની ઓટીએ ખોસતાં તે બોલ્યો, "મનોરમા ! સવાર પડવા આવી છે. હજુ અલકાના ઠેકાણાં નથી. તું પેલા ઓરડામાં જઇ મહાદેવીના વસ્ત્રોથી વિભૂષિત થઇ જલ્દી આવ."

પૂજારીના આ શબ્દો સાંભળી મનોરમા ક્ષણભર તો સ્તબ્ધજ બની ગઇ. તેની સ્હામું જોઇ ઉભી રહી. પરન્તુ પૂજારી પુનઃ ગર્જ્યો.

"સાંભળે છે શું ! જા. જલ્દી કર."

ડરતી કંપતી મનોરમા મનમાં હજારો તર્કવિતર્ક કરતી હવે મહાદેવીની ભૂમિકા ભજવવા પણ તૈયાર થઇ. મહાદેવીના વસ્ત્રાગારમાં જઇ તેણે અનિચ્છા છતાં હાથ, પગ, અને મોઢું રંગી એ નૂતન–વેશ ધારણ કરવા માંડયો. તે બાપડી પ્રાતઃજ્ઞાથી બંધાયા પછી આ ભેદ જાણી ગઇ હતી, કે પૂજારીની મહાદેવી બનાવટી છે.

પ્રિય વાંચક ! મનોરમાને મહાદેવી રૂપે પ્રકટ થઇ પ્રતિજ્ઞા લેવડાવનાર એ બનાવટી મહાદેવી તેજ આપણી નવલકથાની નાયિકા મશહૂર મલકા !

પ્રભાતના આછાં અજવાળાં પડતાંજ મલકા મંદીરમાં આવી પ્હોંચી. જે વખતે મનોરમા મહાદેવીનું આસન શોભાવી રહી હતી, પાસે ઉભેલા પૂજારી મહાશય પ્રતિ ફરી મલકા બોલી, "કેમ ! મહાકાળ ! મનોરમાએ કામ કર્યું ?"

"હા ! મનોરમાએ પોતાની પ્રતિજ્ઞા પાળી છે. માળા આપણા હાથમાં આવી છે."

"લાવ. જોઉં ! ક્યાં છે ?"

"આ રહી. લે."

પૂજારીએ મલકાના હાથમાં એ માળા મૂકી. તે લેતાં મલકા બોલી. "ત્હારૂં કામ તો હવે થયું, પણ મ્હારૂં હજુ બાકી રહ્યું છે."

"તે પણ થઇ રહેશે."

"મહાકાળ ! તું મ્હને ત્હારી ગરજ સરી ગઇ, એટલે હાથતાળી આપવાની વાત કરે છે કે ?"

"મ્હારો ભરોસો નથી, તો જા. આ માળા હાલ ત્હારીજ પાસે રાખજે. હું કાલે ત્હને આવી મળીશ."

"જરૂર ?"

"હા જરૂર. જરૂર."

"અને આ છોકરીનુ હવે શું કરવું છે ?" મલકાએ મહાદેવી–વેશધારી મનોરમાને બતાવી પૂછ્યું.

"એનુ મ્હારે કામ છે. કાલ રાત્રે એને પ્રતિજ્ઞાથી છૂટી કરીશું."

"હવે નાહકનો ત્રાસ ન આપનો."

મોતીની માળા લઇ મલકા ફરી પેલા ગુપ્ત માર્ગેથી બ્હાર પડી. તેના ગયા પછી મહાકાળે ભયંકર હાસ્ય કર્યું. તે સ્વગત બડબડયો. "બની. બરાબર બની. એને ક્યાં ખબર છે ? કે જેની ઉપર એ વૈર લેવા માગે છે, એ હું પોતેજ છું."

ખરી માળા પોતાને હાથ કરી બદમાશ પૂજારી બનાવટી માળા મલકાને સોંપી હસતો હસતો દર્શને આવતા જતા લોકોનું ધ્યાન ખેંચવા મહાદેવી–મનોરમાના અગ્નિકુંડ સમક્ષ બેસી કૃત્રિમ ધૂણવા લાગ્યો. કેમ જાણે તેના દીલમાં માતા ન આવ્યા હોય! (પીર આવેછે, એમ.)

*   *   *   *   *

જ્યારે બીજી બાજુ પેલી કાળી આકૃતિ એ ગુપ્તદ્વાર લાખો પ્રયત્નને પણ શોધી ન શકવાથી અંદરને અંદર મુઝાવા લાગી. એટલામાં પાછી ફરતી મલકા ઉપર તેની નજર પડી. મલકા મહાદેવીને મંદીરેથી માળા લઇ મલકાતી મલકાતી શહેરમાં જઇ રહી હતી. કોઇ પણ ઉપાય ન હોવાથી એ કાળી આકૃતિ પણ એની પૂંઠે લાગી. એ એમજ સમજતી હતી, કે મ્હારી આગળ ચાલનાર રમણી તે મનોરમાજ છે.

પણ તેનુ એ માનવું કેટલું ભૂલ ભરેલું હતું ? તેની એને ક્યાં ખબર હતી !

ખુશ ખબર.

શિષ્ટ સાહિત્યની દ્રષ્ટિએ લખાયલાં હોવા છતાં હાલની રંગભૂમિને સર્વાંશે સાનુકૂળ હોવાનો દાવો ધરાવનારાં નાટકોઃ–

ગુજરાતી.........આપવાના છે........કંપનીઓને.

(૧) ગરવી–ગુજરાત. (ઐતિહાસિક.)
(૨) પ્રેમ–યોગી. (સાંસારિક.)
(૩) સંત–તુકારામ. (પૌરાણિક.)
(૪) હિન્દ–કેશરી. (કલ્પનિક.)
(૫) બિલ્વમંગળ. (પૌરાણિક.)
(૬) દિવ્ય–યોગીની (કાલ્પનિક એક વાર ભજવાયલો.)
(૭) સંસાર–સુધા. (સામાજીક.)
(૮) જલનો જોગી. યાને નર કેશરી. (કાલ્પનિક.)
(૯) ઝેરની પ્યાલી. (સાંસારિક.)

આ ઉપરાંત બાળવિધવા, પવિત્ર પ્રેમ, શ્રીમતી કૃષ્ણાકુમારી, કરણ વાઘેલો, ગાંડી ગુજરાત, ગુણવંતી ગુજરાત, સુદર્શન ચક્ર, કલંકીત ઉષા, નવજીવન, જળસમાધિ, મેવાડી મહાત્મા, વીર છત્રસાલ, વીર દુર્ગાદાસ, શેઠ સગાળશા, બળિદાન, સત્સંગ, એકજ પળ, સૌન્દર્યશત્રુ, વિગેરે નાટકોની વસ્તુસંકલના તૈયાર છે. જરૂર પડે નાટય રચી આપવામાં આવશે. પત્રવ્યવહારનું સરનામું.

શ્રી. "પુષ્પ."

ઠે. "શ્રી નવજીવન પુસ્તકાલય." ટાવર–રોડ, સુરત.

તા. ક.—પ્રકાશ કરવા ઇચ્છનારા બુકસેલરો પણ લખી શકે છે.

પદ્ય. "મુગ્ધ" ની પ્રસિદ્ધ કૃતિઓ." મૂલ્ય.

જળસમાધિ યાને દેવી શારદા. (સચિત્ર)		રૂ. ૦-૮-૦
સુખદેવી સરલા.	,,	રૂ. ૦-૨-૦
રંગમાં ભંગ.	,,	,, ૦-૮-૦
અભાગીની લક્ષ્મી.	,,	,, ૦-૮-૦
રાજ ભરથરી. (આ. ૪થી)	,,	,, ૦-૮-૦
દાનેશ્વરી કર્ણ યાને શેઠ સગાળશા.	,,	,, ૦-૮-૦
રાક્ષસી કૂતરો (ડિ. નવલકથા.) (સચિત્ર)	—: ગદ્ય :—	રૂ. ૦-૮-૦
લાલનો એક્કો. (,, આ. ૨જી ,,		,, ૦-૮-૦
ચોકટનો એક્કો. (,, આ. ૨જી ,,		,, ૦-૮-૦
ખૂની કોણ? (,, આ. ૩જી ,,		,, ૦-૮-૦
સરોવરની સુંદરી. ભાગ-૧ (,, ,,)		,, ૦-૮-૦
,, ભાગ-૨. (,, ,,)		,, ૦-૮-૦
મોતીની માળા. (,, ,,)		,, ૦-૮-૦
ઝેરની પ્યાલી. ભાગ-૧. (સામાજીક સચિત્ર)		,, ૦-૮-૦
,, ભાગ-૨. (,, ,,)		,, ૦-૮-૦
કંગલામાં હીરજી. (કાલ્પનિક) ,, ,,)		,, ૦-૮-૦
વીણા વેલી. ભાગ-૧. (,, ,,)		,, ૦-૮-૦
,, ભાગ-૨. (,, ,,)		,, ૦-૮-૦
પૃથ્વીરાજ ચૌહાણ. (ગદ્યમાં)		રૂ. ૦-૧૨-૦
માલવપતિ મુંજ.	,,	,, ૦-૧૨-૦
સુરદાસ. (સચિત્ર)		,, ૦-૧૨-૦
વીર કુણાલ. (,,)		,, [illegible]
મહારાણા પ્રતાપ. (,,)		,, [illegible]
સતી સરદારબા. (,,)		,, ૦-૮-૦
શ્રીમતિ કૃષ્ણાકુમારી. (,,)		,, ૦-૮-૦
[illegible] કુમારી ભાગ ૧+૨ (,,)		,, [illegible]
[illegible] (,,)		,, ૧-૦-૦

(સચિત્ર.) # વિણા-વેલી. (ભાગ ૧-૨.)



શીયળ ઝુંટાવે, પતિવ્રત વેચે, પાપે પેટ ભરે; સદાય અપયું હોય તે જાતે.

“શ્રી નવજીવન પુસ્તકાલય,” ટાવર રોડ, સુરત.

જરૂર વાંચો. પોસ્ટેજ સાથે રૂ. ૧॥.

પુષ્પ:—૧૦ મું.

"મશહૂર મલકા."

મલકા આજે ચૌદ વર્ષથી કલકત્તામાં આવી વસનાર એક મશહૂર નૃતિકા હતી. એના નામથી ભાગ્યેજ કાઇ કલકત્તાવાસી અજાણ્યો હશે !

એ મલકા મોતીની માળા લઇ જ્યારે પોતાના ઝળહળતા મહાલયને પ્હેલે પગથીએ ચઢી, ત્યારે તેની પૂંઠે પડેલી પેલી કાળી આકૃતિ સહજ ખંચાઈ. બારણે ઉભેલી દાસીને તેણે પૂછ્યું.

"આ મકાન કોનું છે ?"

"તમે આ શહેરથી અજાણ્યા જણાવ છો. નૃતિકા મલકાને તમે નથી ઓળખતા ?"

"નામ તો મ્હેં સાંભળ્યું છે, પરન્તુ હજુ કોઇ દિવસ નજરે ભાળી નથી. હમણા થોડીજ વાર ઉપર આ ઘરમાં એક રમણીને પ્રવેશતી મ્હેં જોઇ હતી. એ કોણ ?"

"એજ આ મકાનની સ્વામીની મશહૂર મલકા."

વધુ વિચાર કે વાત કરવા એ કાળી આકૃતિ હવે ન થોભી. તેણે મજવામાંથી એક સોનામ્હોર કાઢી દાસીના હાથમાં મૂકી દીધી. વેશ્યા અને નર્તકીના દ્વારો હંમેશા ઉઘાડાંજ હોય છે. તેમ દાસીએ સુવર્ણમુદ્રા જોતાંજ નમીને દ્વાર ખોલી આપ્યું. એ કાળી આકૃતિ લપાતી છુપાતી દાદર ચઢી ઉપર આવી.

શૃંગારભુવનના એક સુન્દર આયના સામે મલકા અત્યારે ઉભી રહી હતી. તેની ગ્રીવામાં પેલી મનોહર મોતીની માળા હતી. પોતાના કંઠમાં એ કેવી સુન્દર શોભે છે! એ દ્રશ્ય એ આરસામાં નિહાળી રહી હતી. એવામાં એને માંહે એક કાળું પ્રતિબિંબ દેખાયું.

તેણે પીઠ ફેરવી પાછળ જોયું. પેલી કાળી આકૃતિના હાથમાં ભરેલી પિસ્તોલ હતી. તેણે ઇસારાથી સમજાવ્યું. "માળા લાવ."

મલકા બ્હીધી. ગળામાંથી માળા કાઢી તેણે તરત તેના હાથમાં મૂકી દીધી. બીજીજ પળે કાળી આકૃતિએ પિસ્તોલ ગજવામાં મૂકી. પેલો ઔષધયુક્ત રૂમાલ કાઢયો. બળાત્કારીથી મલકાને નાકે દાબી તેને બેહોશ બનાવી દીધી. પરન્તુ બેહોશ બનતા પ્હેલાં મલકાએ એક બે બૂમો પાડી. તેની બૂમ સાંભળી નીચે ઉભેલી દાસી ઉપર દોડી આવી.

ગજવામાં મૂકાયલી પિસ્તોલ ફરી પાછી બ્હાર નિકળી. પિસ્તોલ દેખતાંજ દાસીને મોઢે ડૂચો મરાયો. હાથ પગ બાંધી એને એક બંધ ઓરડામાં પૂરવામાં આવી.

મલકાના બેશુદ્ધ દેહની આસપાસ એક કાળું કપડું વીંટાળી દઇ, કાળી આકૃતિ નીચે ઉતરી. થોડી વાર બારણામાં ઉભી રસ્તેથી પસાર થતી એક મોટરકારને થોભાવી, તેને પોતાની વાત કાનમાં કહી. મોટરડ્રાઇવરે જરા આનાકાની કરી, એટલે તુર્તજ તે કાળી આકૃતિએ પિસ્તોલ બતાવતાં કહ્યું, "યાદ રાખ! ડિટેક્ટીવ દેવેન્દ્રને આનો જવાબ આપવો ભારે પડશે."

ડિટેક્ટીવ દેવેન્દ્રનુ નામ સાંભળતાંજ મોટરવાળો ઠંડો થઇ ગયો. બનેએ મળી મલકાની બેશુદ્ધ દેહને મોટરમાં સુવડાવી. મોટર ડિટેક્ટીવ દેવેન્દ્રના મકાન પ્રતિ દોડાવી મૂકી.

પુષ્પઃ—૧૧ મું.

" નિરાશા. "

બહુ વાર થઇ છતાં હજુ કાળી આકૃતિ કંઈ પણ બાતમી લઇ પાછી ન ફરવાથી છેવટ દેવેન્દ્રના ધૈર્યની પણ હદ આવી રહી. માયાને મકાન સોંપી તે જેવો દ્વાર-બ્હાર નીકળ્યો, તેવીજ તેની દૃષ્ટિ પોતાના મકાન પ્રતિ આવતી એક મોટર ઉપર પડી. તે અટક્યો.

મોટર બરાબર દેવેન્દ્રના આંગણાંમાંજ આવી અટકી ગઇ. મલ્લકાને ઉંચકી એ કાળી આકૃતિ દેવેન્દ્રની સાથે અંદર પ્રવેશી. મોટરડ્રાઇવર દેવેન્દ્રને સલામ કરી રસ્તે પડ્યો.

"જોજો! આ બાઇ ન્હાસી ન જાય." એટલી ચેતવણી આપી કાળી આકૃતિએ બેહોશ મલ્લકાને માયાની સારવારમાં સોંપી. માયા એને જાગૃતિમાં લાવવાના ઉપાય કરવા લાગી. તેના હાથ અને આંખ મલ્લકા પ્રતિ હતાં, છતાં કાન ઓરડામાં થતી વાત પ્રતિ હતાં.

"કેમ? શું કર્યું?" દેવેન્દ્રે પૂછ્યું.

"બેડો પાર! લ્યો આ હાર."

દેવેન્દ્રના હાથમાં મોતીની માળા એના ગુપ્તદૂતે મૂકી. હર્ષથી પીઠ ઠોકતાં દેવેન્દ્રે તેને "કેવી રીતે મેળવી?" એ વાત પૂછી. 'મનોરમાને જાણી જોઇને જવા દીધી.' એ વાત અધ્ધર ઉડાવી દઇ બાકીની તમામ બીના તેણે આદ્યથી ઇતિ પર્યંત દેવેન્દ્રને કહી સંભળાવી.

તે પછી બંને વચ્ચે થોડીક મસલત થઇ. દેવેન્દ્રે એ કાળી આકૃતિને પુછયું, "અને મનોરમાનું શું થયું ?"

"એ મહાદેવીના મંદિરમાં છે."

"તું સાંજે જા. બનતા પ્રયત્ને એને મ્હારી પાસે લાવ."

મસ્તક નમાવી એ કાળી આકૃતિ કંઇક કચવાતે દીલે એનું પાલન કરવા ઉપડી ગઇ.

તે પછી મોતીની માળા લઇ દેવેન્દ્ર મોતીને ઘેર જવા તૈયાર થયો. માયા ઉપર તેને પુરતો વિશ્વાસ હતો. 'મલકા ન્હાસી ન જાય," એમ સખ્ત દેખરેખ રાખવાનું તેને સોંપી તેણે મકાન છોડયું.

માળા લઇ દેવેન્દ્ર જ્યારે મોતીના દીવાનખાનામાં પ્રવેશ્યો, ત્યારે મોતી આયનો અને ધુપેલ-કાંસકી લઇ માથુ ઓળતી બેઠી હતી. રમુજને ખાતર દેવેન્દ્રે પાછળથી જઇ ધીરેથી તેના ગળામાં પેલી મોતીની માળા નાખી દીધી.

"આભાર." મોતીએ સહજ ઝુકી સ્મિતભર્યાં વદને દેવેન્દ્રને આવકાર આપતાં કહ્યું.

દેવેન્દ્રે આસન લીધું. "માળા કેવી રીતે મેળવી ?" વગેરે વાત તેણે મોતીને કહી સંભળાવી.

"પણ મનોરમાનુ શું થયું ?" માળા સાથે રમતાં રમતાં મોતીએ પ્રશ્ન કર્યો.

"તેનો પણ પત્તો મેળવવા મ્હારો ચાલાક ગુપ્તદૂત ગયો છે."

દેવેન્દ્રનો આ પ્રત્યુત્તર નીચી મુંડી રાખી મોતી સાંભળતી હતી, એટલામાં તેને માળામાં કંઇક ફૂંકું દેખાયો. તત્ક્ષણ તેણે ગળામાંથી

તે બ્હાર કાઢી ધ્યાન પૂર્વક જોઇ. 'અફસોસ !' એવો એક નિશ્વાસ મુકી તેણે તે ડિટેક્ટીવના ખોળામાં ફેંકી દીધી.

"કેમ ! કેમ ! શું છે ?"

"દેવેન્દ્રબાબુ ! આ માળા ખરી નથી. ખોટી છે. બનાવટી છે."

અવાચક્ બનેલો દેવેન્દ્ર તો તેના મોઢા સ્હામુજ જોઈ રહ્યો. પળભર મૌન છવાયું ને પછી બનાવટી માળા પોતાના હાથમાં લઇ નીચે અને શરમાયલે મુખે દેવેન્દ્રે મોતીની રજા લીધી. તે ઘર તરફ પાછો ફરતો હતો, પરન્તુ મંદ પગલે, અને નિરાશ હૃદયે !

"શું મ્હારા ગુપ્તદૂતને મલકાએ બનાવ્યો ? ફીકર નહી. ઘેર જઇ મલકાને પૂછી આ વાતની ખાત્રી કરૂં."

લથડતે પગે તે ઘેર આવ્યો મલકાને મળવાની હોંસમાં તે આવેશભેર અંદર પ્રવેશ્યો. પણ અરે ! આ શું ? ત્યાં મલકા ન્હોતી. પરન્તુ જેના હાથ-પગ ખુરસી સાથે બંધાયલા છે, અને મોઢા ઉપર પણ રૂમાલ બાંધવામાં આવ્યો છે, એવી હાલતમાં માયા નજરે પડી.

તેના નસીબમાં બન્ને બાજુએથી નિરાશાજ હતી.

પુષ્પઃ—૧૨ મું.

"સવિતાનુ ભૂત."

"માયા ત્હારી આ શી દશા ?" દેવેન્દ્રે માયાને બંધન મુકત કરતાં પ્રશ્ન કર્યો.

"તમારા ગયા પછી મલકા મ્હને આવી રીતે બાંધી ન્હાસી ગઇ."

"અફસોસ ! ત્હેં કાંઇ નવીન સાંભળ્યું ?"

"શું ?"

"મલકા પાસેથી મેળવેલી માળા બનાવટી નીકળી છે."

"હેં ?"

"હા. જો આ રહી."

થોડી વાર આમતેમ ઉથલાવી માયાએ માળા જોઇ. તે પછી તે દેવેન્દ્રના હાથમાં પાછી આપતાં બોલી. "ત્યારે હવે તમે શું કરવા માંગો છો ?"

"મહાદેવીને મંદીરે જઇશ."

"ત્યાં જવાથી શું વળવાનું છે ?"

"મ્હારા ધારવા પ્રમાણે મલકા ત્યાંજ ગએલી હોવી જોઇએ. એ ત્યાંજ મ્હારા હાથમાં આવશે."

"મ્હને સાથે લઇ લ્યો."

"ત્હને ! શા માટે ?"

"હું તમને એ માળા મેળવી આપવામાં મદદ કરીશ."

ઘડીભર તો દેવેન્દ્ર આશ્ચર્યતાથી તેના મોઢા સ્હામુ જોઇ રહ્યો. તે પછી તે બોલ્યો, "એવી જીવલેણ જગ્યાએ ત્હારૂં કામ નહી."

"દેવેન્દ્રબાબુ! હું ઠીક કહું છું. જેટલું તમે જાણતા નથી. તેથી વધારે હું જાણું છું."

"શું!" ડોળા ફાડી એકીકશે જેતો ડિટેકટીવ બોલ્યો.

"સાંભળો. મલકા કોણ છે? એ તમે જાણો છો?"

"હા."

"કોણ છે?"

"કલકત્તાની એક મશહુર નતિકા."

"અહીંજ ભૂલો છો. એ કેવળ નાચનારી નથી, પરન્તુ સાથે સાથે એ મહાદેવીના મંદીરમાં મહાદેવી તરીકે વિરાજનાર વેશધારી પણ છે."

"ત્હેં એ વાત કયાંથી જાણી?"

"મલકાને પોતાને મોઢે."

"કયારે?"

"હમણા થોડી વાર ઉપર."

"તો શું તું મલકાને ઓળખે છે?"

"હા, અને મલકા મ્હને પણ બહુજ સારી રીતે."

"માયા! માયા! તું મ્હને આમ છેકજ અંધારામાં ન રાખ. જે જાણતી હોય તે ખુલાસો કર."

"સાંભળો. આજથી ચૌદ વર્ષ ઉપર મ્હેં આ મલકાને જોઇ હતી. હું એને અને એ મ્હને ઓળખતાં હતાં. આજે એને ફરી આંખે વખતે જોતાં મ્હેં એકદમ તો ન ઓળખી. પરન્તુ કંઇક શંકા પડી.

વાત ઉપરથી વાત નીકળતાં અમે એકેકને ઓળખ્યાં. મ્હારા તમારા અને એના ત્રણેના ભલા માટેજ મ્હેં એને છોડી મૂકી છે."

"ત્યારે આ બધો ઢોંગ હતો કે ?"

"એમજ."

"એને અને ત્હારે શાની ઓળખાણ ? તમે શું સગાં થાવ ?"

"એ તમને ત્યાં કહીશ. હાલ તો સમય ન ખોતાં મ્હને લઇ સત્વર ત્યાં ચાલો. નહી તો મલકાનો જીવ જોખમમાં છે."

માયાની એકેક વાતથી આશ્ચર્ય પામતો દેવેન્દ્ર છેવટે માયાને સાથે લઇ મહાદેવીને મંદીરે જઇ પ્હોંચ્યો. મોટર બ્હાર થોભાવી. બંને નીચે ઉતર્યાં. માયાએ દેવેન્દ્રના કાનમાં કહ્યું.

"તમે તમારા ગુપ્તદૂતની તપાસ કરો. હું મંદીરમાં જઇ હમણાંજ પાછી આવું છું."

"પરન્તુ આપણે પાછા કયાં એકઠા થઇશું ?"

દેવેન્દ્રના આ પ્રશ્નનો ઉત્તર સરખો આપવા માયા ન થોભી. તે તો એકદમ મંદીરમાં દોડી.

* * * * *

આ વખતે મંદીરમાં શું થઇ રહ્યું હતું ? મહાદેવીને સ્થાને મનોરમા બેઠેલી હતી. જ્યારે જોડેના ખંડમાં પૂજારી મહાશય ગરજ સરતાં હવે અલ્કંતી કરી જવા માટે ગાંસડા પોટલા તૈયાર કરી રહ્યા હતા.

ત્યાં દેવેન્દ્રના હાથમાંથી માયા વડે મૂકત થયેલી મલકા લાલચોળ આંખે આવી પ્હોંચી. મહાદેવી-વેશી મનોરમાને તેણે પૂછ્યું.

"મનોરમા! પૂજારી ક્યાં છે?"

"જોડેના ખંડમાં."

"નીચે આવ."

મનોરમા નીચે આવી. મલકાએ તેના અંબોડાના ભાગ નીચે એક નિશાની જોઇ. પૈસાભાર કાળું લાંછન જોતાંજ તે મનોરમાં હર્ષથી ભેટી પડી. તેની આંખમાં આજે સ્નેહના આંસુ આવ્યાં.

મનોરમાને મલકાના આ આંસુનુ કારણ ન સમજાયું. મલકાએ તેના કાનમાં કેવળ ત્રણજ શબ્દો કહ્યા, અને મનોરમા બધુંય સમજી ગઇ

હું ત્હારી મા.

ઉભય વચ્ચે વધુ વાતચીત થાય તે પ્હેલાં તો પૂજારીને સ્હામેથ આવતો મનોરમાએ જોયો. ઝટપટ મનોરમા પોતાને આસને બેસ ગઇ. મલકા એક બાજુએ સંતાઇ ગઇ.

"મનોરમા! હવે આ દેવીનો વેશ કાઢી નાખ. મ્હારી સાથે ચાલ."

"ક્યાં?"

"તે પૂછવાનો ત્હને હક્ક નથી. સમજી? હું જ્યાં લઇ જાઉં ત્યાં."

"પરન્તુ મનોરમાની માને તો એ હક્ક પૂરેપૂરો છે." બોલતી મલકા બ્હાર નીકળી.

"કોણ મલકા? તું! આની મા?"

"હા!"

"ખોટી વાત. એની મા તું છેજ નહી."

"એ તું શું જાણે ?"

"હું...હું તમામ જાણું છું. હું કોણ છું ? એની ત્હને ખબર છે ?"

"એક બદમાશ."

"પરન્તુ ત્હારો તો એક વખતનો પ્રેમી–દીલદાર, જો..."

"કોણ ? તું......"

પૂજારીને તેના સત્ય સ્વરૂપમાં નિહાળતાંજ અલકા સ્થંભી ગઇ.

"હા. હું. અલકા ! હવે ઓળખાણ પડી ? મ્હારા રસ્તામાંથી બાજુએ ખસી જા."

"મ્હને બનાવટી માળા આપી દગો દેનાર ! મ્હારા જીવનની પવિત્રતા લુંટી, અંતે અવળે પંથે ચઢાવનાર, પાપાત્મા ! આ ત્હારી અને મ્હારી પ્યારી પુત્રી છે."

"નહી રે ! એ તો મ્હારી સવિતાની."

"સવિતાની નહી. પરન્તુ એની પોતાનીજ છે. તમારાજ પેટની છે." કે'તી માયા અણીને વખતે ત્યાં ધસી આવી.

"કોણ ?"

"હું. તમારી મરી ગએલી પત્ની. જેને તમે મનોરમાની મા ગણાવો છો, તે ! પાલક માતા."

"તું......સવિતાનું ભૂત......ભે... દૂર થા...જા..." કે'તાંજ જીવ ઉપર આવેલા બદમાશે આંખો મીંચી દઇ ભૂતના ભયેજ વગર વિચારે ગોળી છોડી.

"ઓ...નાથ !..." બોલતી માયા...લોહીલોહાણ બની બીજીજ પળે જમીન ઉપર તૂટી પડી.

—: શ્રી નવજીવન પુષ્પ-વાટિકાનું ત્રીજું પુષ્પ. :—

એનું નામ તમે જાણો છો ?

બાર —: વાંચો :— ચિત્રો.

ઝેરની પ્યાલી યાને 'સમાજ ત્હારે ખાતર !'

(સચિત્ર) —: ભાગ-૧+૨ :— (સામાજીક)

પ્રયોજકઃ-" પુષ્પ."

સમાજના એકેએક વિષયો ઉપર નીડરપણે ફટકા લગાવતી આ નવલકથાની એકેક લીટી તમારી આંખોમાંથી ખરખર આંસુ ખરાવશે. ચોરીમાં રંડાપો ! લગ્ન એટલે શું ? સમાજ એટલે શું ? ગર્ભવતી વિધવા. વગેરે પ્રકરણોનો કરૂણરસ વાંચી તમારાં કાળજા કઠાપી કોરાં નહિજ રહે. જુઓ એક નમુનોઃ—

દયાના ગુણ ગવાતા'તા દયાસિન્ધુ ઉછળતા'તા,
અમારા દેશમાં વરસાદ પણ એના વરસતા'તા.
ભર્યા ભંડાર એ આજે ! દયાના થઈ ગયા ખાલી,
હવે તો કર્મમાં બાકી રહી આ ઝેરની પ્યાલી.

ભાગ ૧+૨ સાથેઃ—રૂ. ૧-૮-૦ (એક બાઇન્ડીંગ.)

" " છુટાઃ—રૂ. ૦-૧૨-૦ દરેકના.

(તેર આનાની ટીકીટ બીડો.)

લખોઃ—હરીલાલ જીવણલાલ ઠક્કર.
"શ્રી નવજીવન પુસ્તકાલય." ટાવર રોડ-સુરત.

પુષ્પઃ—૧૩ મું.

"સ્નેહના આંસુ."

એક ખુણે ઉભી આંસુ વેરતી અજ્ઞાન મનોરમા હવે દોડી. તે બાપડીને શું ખબર? કે માયા ઉર્ફે સવિતા એની શું સગી થતી હતી? છતાં તેના કલ્યાણ દીલે એ વિચાર ન કર્યો. ઘાયલ સવિતાની (માતાની) સારવાર તે અશ્રુભીની આંખે કરવા લાગી.

"ગભરાશો નહીં આ ખુનનો જવાબ તમને હમણાંજ આપવો પડશે."

"જવાબ કોણ લેનાર છે?" મલકાનો હાથ પકડી પુજારી બોલ્યો.

"ડિટેક્ટીવ દેવેન્દ્ર."

"દેવેન્દ્ર! એ અહીં આવ્યો છે?"

"હા."

"બસ. ત્યારે તો તેણેજ એને આ ભેદથી વાકેફગાર કર્યો હોવો જોઇએ. ફિકર નહી. હવે હું એના હાથમાં પકડાઇશ. ફાંસીએ લટકીશ. પણ તે પહેલાં...તને તો જીવતીજ સળગાવી મૂકીશ."

આટલા શબ્દો બોલી પૂજારી મહાકાળે મલકાના બંને હાથો પકડયા. પાસે પડેલા દોરડા વડે તે કચકચાવીને બાંધવા લાગ્યો. ઘાયલ સવિતા કાંઇ કરી શકે એમ ન્હોતી, પરન્તુ મનોરમા પોતાની માતાની વ્હારે દોડી.

"જવા દયો! મ્હારી માતાને કૃપા કરી છોડી દયો."

"જવા દઉં? મ્હને ફાંસીએ લટકતો જોવા. ચાલ દૂર ખસ."

એક લાત મારી એ કુમળી વેલીને એ નિર્દયે તરછોડી દૂર ફેંકી દીધી. પેલા લોખંડી થાંભલા સાથે મલકાને બાંધી પૂજારી મહાકાળે અગ્નિ પ્રદિપ્ત કર્યો. મલકાને જીવતી સળગાવી તે જમીન ઉપર ધુંટણીએ પડેલી મનોરમા પ્રતિ ફર્યો.

"ચાલ ઉઠ ! ત્હારી જગ્યાએ જઇ બેસ. જલ્દી કર."

પરન્તુ મનોરમાએ હવે તેની આજ્ઞા ન ઉઠાવી. પણ તે નરપિશાચે તેને બે હાથો ઉપર અદ્ધર ઉઠાવી સળગતા અગ્નિકુંડમાં નાખી દેવાની ધમકી બતાવી, એટલે બિચારી દીન થઇ ગઇ. મલકાના ભડભડ બળતા વસ્ત્રો તે ન જોઈ શકી, છતાં કઠણ હૈયું કરી મહાદેવીને આસને જઇ બેઠી.

એટલામાં દ્વાર ઠેકાયા. દેવેન્દ્ર આવ્યો. "હવે શું થશે ?" એ બ્હીકથી પાપાત્મા ધ્રુજ્યો. પેલી મોતીની માળા કાઢી ઝટપટ તેણે મનોરમાના કંઠમાં નાખી દીધી. જેવો ન્હાસી જવા જાય છે, તેવીજ મહાદેવી વેશે મનોરમાએ પોતાના હાથમાંહેનું ત્રિશૂળ તેની ઉપર ફેંક્યું. કારણ ? બ્હારથી આવનાર પોતાને બચાવી લેશે એવી તેને હવે હુંફ આવી હતી.

પરન્તુ તેણે ધાર્યું હતું કંઇ. અને થયું કંઇ. દ્વાર ખોલી બદમાશ પૂજારીને પકડવા, અને નિર્દોષોને બચાવવા ધસી આવતી પેલી કાળી આકૃતિના કપાળમાં એ ત્રિશૂળ ઓચિંતું વાગ્યું. બદમાશ ફાવ્યો. તે મુઠ્ઠીઓ વાળી જીવ લઇ ન્હાઠો.

મનોરમા એકદમ નીચે ઉતરી. સૌથી પ્હેલું કામ તેણે અગ્નિ બુઝાવવાનું કર્યું. મલકાને અંગે ફોલ્લા પડી ચુક્યાં હતાં. એ બેહોશ રમણીને છોડવા તે ન રહી. તેનું ધ્યાન તો પોતાની ભૂલનો ભોગ થયેલ પેલી કાળી આકૃતિમાં પરોવાયલું. હતું.

(સચિત્ર) —: મોતીની માળા યાને :— (છુપી પોલીસ)

મહાદેવીની મૂર્તી.

પ્રકાશક:-"શ્રી નવજીવન પુસ્તકાલય" તરફથી



હરીલાલ જીવણલાલ ઠક્કર. ટાવર રોડ-સુરત.

[ચિત્રની સમજુતી માટે વાંચો પુષ્પ:-૧ લું]

એ લોહીલોહાણ કાળી આકૃતિનું લોહીવાળું માથુ પોતાના ખોળામાં લઈ તે અશ્રુ વેરતી પોતાનું ચીર ફાડી પાટો બાંધી રહી.

પ્રિય વાંચક! મનોરમા આ સ્નેહના આંસુ કોની ઉપર વરસાવી રહી હતી? એ કાળી આકૃતિની આટલી બધી સારવાર કેમ કરી રહી હતી? કારણ? એ ભેદભરી કાળી આકૃતિ તે બીજું કોઇ નહી, પરન્તુ મનોરમાનો પ્રેમી, ચિત્તનો ચોર, મંજુલાલ પોતે હતો.

જ્યારે મલકા, ઉર્ફે મહાદેવી તેજ પેલી ગર્ભવતી કુમારિકા, અને મનોરમાની સગ્ગી માતા મણી. માયા તેજ સવિતા, અને પુજારી મહાકાળ તેજ મણિલાલ ઉર્ફે મોહનલાલ હતો.

પુષ્પ:—૧૪ મું.

"આવ્યો અને ગયો."

મલકાને મ્હોતના પંજામાં મૂકી જીવ બચાવવા ન્હાસતો પૂજારી તેજ મોહનલાલ ઉર્ફે મણીલાલ મંદીરના દ્વાર ઉઘાડી જેવો નીચે ઉતરવા જાય છે, તેવોજ એક પિસ્તોલવાળો હાથ તેણે જોયો. તેના બંને હાથ ઉંચા થઇ ગયા

એ ડિટેકટીવ દેવેન્દ્ર હતો. મણીલાલ છેવટની વેળાએ એના હાથમાં સપડાઇ ગયો. કેદીને લઇ દેવેન્દ્રે મંદીરમાં પગ મૂકયો. જે વખતે મનોરમાની સારવારથી મંજુલાલ જાગૃતિમાં આવ્યો હતો. તેણે અને મનોરમાએ મળી મલકાની અર્ધ ઉપર સળગી ગએલી નિષ્પ્રાણ દેહને છોડી જમીન ઉપર સુવડાવી હતી. સવિતાના ઘા ઉપર પણ પાટો બાંધવામાં આવ્યો હતો.

દેવેન્દ્ર અને મંજુની વચમાં મણીલાલ ઉભો હતો. બંન્નેના હાથમાં ભરેલી પિસ્તોલો હતી. દેવેન્દ્રના કહેવાથી પ્રથમ સવિતાએ પોતાનો ઇતિહાસ કહેવો શરૂ કર્યો.

"............મ્હારા પતિના પેટની, આ મણીની પુત્રીને લઇ હું એમની સાથે કલકત્તા આવી રહી. વાતવાતમાં એક દીવસ એમણે "સ્ત્રીઓનો વિશ્વાસ નહી કરવો. એ રહે તો આપથી, ને જાય તો સગા બાપથી." વગેરે વગેરે વાતો મ્હને સંભળાવી. તેજ વખતે મ્હને મણી સાથે કરેલો એમનો આડો વ્યવહાર સાંભરી આવ્યો. સ્ત્રીઓના સ્વાભાવિક સ્વભાવાનુસાર મ્હારા પેટમાં એ વાત ન ટકી. મ્હેં એમને મ્હેણું માર્યું. "તમે પુરૂષો ! બહુ ડાહ્યા છો, તે જાણ્યું. બેસો હવે." એમણે આગ્રહ કર્યો, અને મ્હેં મૂર્ખીએ એમને મણીની વાત કહી આટકી–આંખા પાડ્યા. તેજ રાત્રે ક્રોધે ભરાઇ એમણે મ્હને મારી નાખી. હું મરી ગઇ એમ ધારી એઓ મ્હારી લાસ નદીમાં ફેંકવા આવ્યા, ત્યાં તમારાથી બ્હીને મ્હને પડતી મુકી તેઓ ચાલ્યા ગયા. તે પછી તમે મ્હને બચાવી લીધી. "મ્હારા ખૂનીનું નામ" મ્હારા સ્વમુખે જાણવા તમે બહુ બહુ કર્યું, છતાં મ્હેં નાની નાજ કહી, કે "હું એ નથી જાણતી." કારણ ! કઇ અભાગણી સ્ત્રી પોતાના પતિનું અશુભ જોવામાં રાજી થાય છે ? એ ગમે તેવા હતા, છતાં હું તો એમને તન–મન વડે મ્હારા સર્વસ્વ માની પૂજતી હતી. કેવળ મ્હારો સ્વભાવ ન્હાન-પણથીજ જરા અસહનશીલ અને ઉગ્ર હતો, અને એનું બરાબર ફળ મ્હને આજે મળી ચુક્યું છે.

જ્યારે તમે મ્હને મ્હારા ખૂની પતિનુ નામ જણાવવા બહુજ સતાવી, ત્યારે ન છૂટકે મ્હેં તમને "એક બીને શું સતાવો છો !

ડિટેકટીવ જેવા ડિટેકટીવ થઇને પોતાની અક્કલ નથી દોડાવી શકતા? કે અબળાની મદદની ભીખ માગો છો? ધૂળ પડી તમારી એ વિદ્યા ઉપર." એવા ઉશ્કેરણીભર્યા શબ્દો કહ્યા, ત્યારેજ તમે મ્હને પૂછવું છોડી દીધું. "બ્હેન તરીકે રાખશો, તો રહીશ, નહી તો આપઘાત કરી મરીશ." એજ મ્હારો જવાબ હતો. તમે કબૂલ થયા, અને હું મ્હારૂં ખોટું નામ "માયા" બતાવી તમારે ત્યાં રહી.

તમારી દરેક હીલચાલની હું બારીક તપાસ રાખતી હતી. મોતીના મહાલયમાં તે રાત્રે દીવો હોલવી નાખી મનોરમાને નસાડનાર વ્યક્તિ તે હુંજ હતી. તમારી પાસે રહી, મ્હારા પતિને ચેતાવવા એજ મ્હારો ગુપ્ત આશય હતો. પરન્તુ મ્હેં બહુ બહુ મહેનત કરી છતાં મ્હારા પતિનો પત્તો મ્હને ન મળ્યો. છેવટ્ મ્હને મલકા સાથે તમારા ઘરમાં ઓળખાણ થઇ. હું અને એ અમે બન્ને ચૌદ વરસે મળ્યાં. જે વખતે મલકાએ પોતાનો જીવન ઇતિહાસ મ્હને નીચે પ્રમાણે કહી સંભળાવ્યો હતો.

બ્હેન! મ્હારી દશ દિવસની બાળકી મનોરમાને તમારા હાથમાં મૂકી હું તમારા મૃત પુત્રને લઇ સમુદ્ર કાંઠે આપઘાત કરવા ગઇ. બાળકને મોંહે પધરાવી, હું અંદર કૂદી પડી. તેજ વખતે મ્હારા ગળામાં એક દોરડાનો ગાળો ભેરવાઇ ગયો. (જુઓ પુષ્પઃ—૮ મું.) મ્હને કોઇએ અંદરથી ઉપર ખેંચી લીધી.

જ્યારે હું ભાનમાં આવી, ત્યારે મ્હેં મ્હને પોતાને એક સ્ટીમરના કેબીનમાં જોઇ. મ્હારી પાસે એક આરબ જેવો ગૃહસ્થ બેઠેલો હતો, તેણેજ મ્હને બચાવી લીધી હતી. હવે હું સમજી, કે સ્ટીમરમાં કોઇ

નોકરી કરનાર આ માણસ હતો, અને તરણે મ્હને પડતાં જોઇ, બચાવી લીધી છે.

મ્હારા પુનર્જીવનની અહીંથી પાછી શરૂઆત થઇ એ સ્ટીમર બીજે દિવસે ઉપડી. કલકત્તામાં આવી, એણે લંગર કર્યું. હુંય કલકત્તા આવી. તેજ વખતે મ્હને "સવિતા ! ત્હારા શબ્દો સાંભર્યાં, કે ત્હારા પતિ-મણિલાલ પણ કલકત્તામાંજ છે." એક વાર મળવાની, ત્યારે બીજી વાર વૈર લેવાની પ્રબળ ઇચ્છા મ્હને થઇ આવી.

એ આરબે મ્હને કલકત્તાની એક પ્રખ્યાત વેશ્યાને ત્યાં વેચી. ન છુટકે અને સખ્ત પ્રતિબંધે મ્હારે એ નીચ નિન્દ્ય વ્યવસાય સ્વીકારવો પડયો. એના મરણ પછી હું તમામ ધન દોલતની એકલી માલીક થઇ, આખું કલકત્તા મ્હને "મલકા"ના મશહૂર નામે ઓળખવા લાગ્યું.

ચૌદ ચૌદ વર્ષ સુધી મ્હને મણિલાલનો પત્તો ન લાગ્યો મ્હેં આશા છોડી. ત્યાં એક દિવસ અચાનક એ પાખંડી કોઇ વિચિત્ર વેશમાં મ્હારે ત્યાં કુટી નીકળ્યો. એણે તો મ્હને જરૂર ઓળખી હશેજ, પરન્તુ હું એના વેશથી છેતરાઇ હું વૈરમાં આંધળી હતી. મ્હેં મ્હારી ઇચ્છા એને વ્યકત કરી. હું મ્હારા એ દગાખોર પ્રેમીને નહી. પરન્તુ પુત્રી મનોરમાને મળવા માંગતી હતી. એણે મ્હને એને મેળવી આપવાનું વચન આપ્યું. જેના બદલામાં એણે મ્હારી પાસે એક ભયંકર શરત કબૂલ કરાવી. તે એ કે:-"મ્હારે એના કલાસર મહાદેવીને પાઠ ભજવી એને મોતીની માળા મેળવી આપવી.

એ પછી એ આ મનોરમાને ઉઠાવી ત્યાં લાવ્યો. પરંતુ દશ દીવસની ન્હાનીજ મૂકીને ન્હાસી ગયેલી હું, એને હવે ક્યાંથી ઓળખી શકું ! કે એ

મ્હારીજ પુત્રી છે. નામ તો આજે જાણું છું, તે વખતે તો મ્હને એના એ નામની પણ કયાં ખબર હતી ?"

આટલું બોલી એ ચૂપ થઇ ગઇ. તે પછી એણે પૂછ્યું. "તમને કંઇ તમારા સ્વામીનાથનો (મણિલાલનો.) પત્તો લાગ્યો છે ?"

મ્હેં એને બનેલી તમામ વાત—મ્હારો જીવન ઇતિહાસ કહ્યો. "મોહનલાલ તેજ મણિલાલ છે. પરન્તુ તે પછી એઓ કયાં ગયા ! એની મ્હને ખબર નથી."

અહીં વચમાં દેવેન્દ્રે મણિલાલને કંઇક ખુલાસો કરવાનું કહ્યું. મણિલાલ બોલ્યો, "મ્હેં આપઘાત કર્યો છે, એવી ખોટી ચીઠ્ઠી લખી. તમારાથી બચવા મલકા ગામમાં સાધુ વેશે જઇ એક મંદીર બંધાવ્યું. મલકાને હું ઓળખતો હતો, એટલે એના અંતરની વાત કહી, લલચાવી, મ્હારા પક્ષમાં ભેળવી. મ્હેંજ એને મહાદેવી બનાવી. પરન્તુ હું કંઇ એ ન્હોતો જાણતો કે મનોરમા તે મલકાની પુત્રી છે. તેમજ મલકા પણ ન્હોતી જાણતી, કે મનોરમા તેજ તેની પુત્રી છે."

"તેમજ શેઠનું ખૂન કરનાર એવી હું પણ એમ ન્હોતી જાણતી, કે પૂજારી અને મહાદેવી એ મ્હારા સગાં માબાપ છે." અહીં મનોરમાએ શેઠનુ ખૂન કેવા રીતે થયું ? તે વાત દેવેન્દ્રને કહી સંભળાવી.

"બસ ! હવે તમે આગળ ચલાવો." દેવેન્દ્રે સવિતાને સંબોધી કહ્યું.

"તે પછી મલકા ઉર્ફે મણીએ મ્હને "પોતાની પુત્રીની ખબર પૂછી. મ્હેં એને તેજ વખતે એની પુત્રીને ઓળખાવી. બ્હેન ! ત્હારી પુત્રી એજ મ્હારી મનોરમા."

જેને પોતે નિર્દય પુજારી—પિતાના હાથમાંથી બચાવી હતી, જેને પોતાના કાળા કામમાં સોગંદ લેવડાવી હથીયાર બનાવી હતી, દેવી બની ડરાવી ને ઠગી હતી, અને જેને જોવાને માટે, મળવાને માટેજ આટઆટલા પાખંડ અને પ્રપંચહાવો તે અનિચ્છા છતાં ખેલવા બંધાઇ ચૂકી હતી, તેજ મનોરમા પોતાની પુત્રી છે, એ જાણ્યા પછી તેને આકરો આઘાત લાગ્યો. મ્હેંજ એને જવા દીધી, અને સર્વ ભેદથી વાકેફગાર થયેલી એવી એ, એ પછી તુર્તજ મનોરમાને બચાવવા દેવીના મંદીરમાં દોડી આવી."

"હા, અને મ્હારા કાનમાં "હું ત્હારી મા." એવાં અમૃત શબ્દો રેડયાં. મ્હને મરતાં પ્હેલાં એ મ્હારી વ્હાલી માતા એક વેળા છાતી સરખી દાબી ચુમતી ગઇ." કહી મનોરમા ચેતનહીન માતા મણીના તનપિંજર ઉપર પડી.

"શું જુઓ છો? ના...થ...આ બધુંય તમારૂં પાપ ...હાય! તમારી આંખમાં આંસુવ કયાં આવે છે?" તરડતી ને તૂટતી જીભે સવિતા બોલી. મનોરમાને આપેલી પેલી વીંટી સંભારી આપી. જેમાં એની સગી મા મણીના નામનો પ્રથમ અક્ષર મ સવિતાએ કોતરાવેલો હતો.

પરન્તુ મણિલાલનુ પત્થર હૃદય જરા પણ ન પીગળ્યું. તે તો ઉભો હતો તેમજ ઉભો રહ્યો. છેલ્લો શ્વાસ લેતી સવિતા બોલી. "દેવેન્દ્રબાબુ! છેવટ્ સુધી હું કે મણી એમને આ વેશમાં અમારા પતિ તરીકે પીછાની શકયા નથી. હું તમારી બ્હેન છું. તમે તમારે મોઢે મ્હને બ્હેન કહીને સંબોધી છે, તો આ મરતી બ્હેનની એક છેવટ્‌ની ઇચ્છા જરૂર પૂરી પાડજો. મ્હારા નામને...પછી એ ગમે તેવા છે...છતાં

દેહાંતદંડની સજા ન થાય, અગર એ આપઘાત ન કરે, એજ. એમની ભૂલ...એમના પાપ...એમને પશ્ચાત્તાપ કરી ધોવાનો સમય આપજો. હા......ના......થ......"

મનોરમાની ખરી માતા મણી તો આ પહેલાંજ પરલોકને પંથે પળી ચુકી હતી. પાલક-માતા પણ ગઇ. છતાં કેટલું કઠણ હૃદય! મણિલાલની આંખ સુદ્ધાં ભીની ન થઇ. તે તો હજુય પોતાનો છેલ્લો દાવ રમવાની તૈયારીમાં હતો. દેવેન્દ્રે હવે તેની સ્હામું જોયું. "માળા લાવ."

કંપતે હાથે મણીલાલે માળા ગજવામાંથી બ્હાર કાઢી. દેવેન્દ્રે તે લેવા તેનો હાથ લંબાવ્યો. ત્યાં ભૂખ્યા વરૂની પેંઠે ટાંપી રહેલા મણીલાલે એક તીક્ષ્ણ ડાબા હાથમાં છૂપાવેલી છૂરી કાઢી તેના હાથમાં ભોંકી દીધી. માળા જમીન ઉપર પડી ગઇ મણીલાલ દ્વાર પ્રતિ ન્હાઠો.

મંજુલાલ તુર્તજ પિસ્તોલ લઇ ગોળી છોડવા દ્વાર તરફ ધસ્યો. ત્યાં દેવેન્દ્રે પીડાતા કંઠે બૂમ મારી તેને અટકાવ્યો. "જવા...દે. ગોળી ન છોડીશ. મ્હારી મરતી બ્હેનની એવી ઇચ્છા છે."

કેટલું ઉદાર દીલ! આમ દેવેન્દ્રના હાથમાં એ નરપિશાચ મણિલાલ એક વાર આવ્યો અને બીજી વાર પાછો ગયો.

પુષ્પઃ—૧૫ મું.

" લોહીનો તરસ્યો. "

મલકા ઉર્ફે મણિ તથા માયા ઉર્ફે સવિતાના મૃતદેહોને અગ્નિસંસ્કાર કરી પરવારેલો દેવેન્દ્ર મંજુ અને મનોરમાને લઇ ભાંગેલે હૈયે કલકત્તા શહેરમાં પોતાને મકાને આવ્યો.

પ્રેમી જોડું–મનોરમા અને મંજુ! લાંબે વખતે અંતરના ઉમળકા એકકેની આગળ ઠાલવી રહ્યું હતું, ત્યાં એકદમ ટેલીફોનની ઘંટડી વાગી.

દેવેન્દ્રે કાન ધર્યો. "એલાવ! કોણ બોલે છે?"

"હું પોલીસ કમીશ્નર. મીસ મોતીના મકાનમાંથી."

દેવેન્દ્રનો જીવ ઉડી ગયો. તેણે ગભરાતાં ગભરાતાં પૂછ્યું. "શું છે?"

"એકદમ આવો. મોતીનુ ખુન થયું છે."

મંજુ અને મનોરમાને પોતાનું ઘર સોંપી ડિટેક્ટીવ દેવેન્દ્ર પેલી **મોતીની માળા** લઇ તુર્તજ દોડયો. તેનો એક હાથ તો હજુ ઝોળીમાં હતો.

પોલીસના માણસોથી મોતીનો શૃંગારભુવન ભરાઇ ગયો હતો. ત્યાં જતાંજ દેવેન્દ્રે શું જોયું! લોહીથી જેના અંગ ઉપર રહેલી બારીક સાડી આખી રંગાઇ ગઇ છે, એવી મોતી પલંગ ઉપર ચત્તાપાટ પડેલી હતી. તેની આંખો ફાટી ગઇ હતી. લોહી ધોધમાર વહી જતું હતું. નાડીની ગતિ પણ બહુજ મંદ ચાલતી હતી.

પોલિસ કમીશ્નરે તેના હાથમાં એક પત્ર આપતાં કહ્યું, કેઃ– "રસ્તે જતા એક માણુસે આ બાઇની ચીસ સાંભળી હતી. તે જ્યારે ઉપર આવ્યો, ત્યારે તેણે આ દેખાવ જોયો. મ્હને ટેલીફોન કરવામાં આવ્યો. પરન્તુ હું જ્યારે મ્હારા માણુસોને લઇ અહીં આવ્યો, ત્યારે પલંગ ઉપરથી અત્યારે તમે અવલોકો છો, તેજ બનાવ મ્હેં પણ જોયો. વધારામાં આ પત્ર એના હાથમાંથી મળી આવ્યો છે."

"તમને આવ્યાને કેટલીક વાર થઇ ?"

"આશરે અર્ધો કલાક"

"ત્યારે તમે મ્હને ટેલીફોન તો બહુ મોડો કર્યો !"

"બે વખત ટેલીફોન કર્યો હતો. છતાં તમારે ત્યાંથી જવાબ ન મળ્યો."

દેવેન્દ્ર બધું સમજી ગયો. પોતે મહાદેવીના મંદીરમાં હોવાથી ટેલીફોન કોણ સાંભળી શકે ? મણિલાલજ પોતાનું વૈર વાળવા મોતીનુ ખુન કરી પાછો પોલિસોને ટેલીફોનથી ચેતાવી પલાયન થઇ ગયો છે, એ પામી જતાં તેને વાર ન લાગી. તેણે તાબડતોબ એક સીપાઇને ડોક્ટરને બોલાવી લાવવા મોકલ્યો.

ડોક્ટરે આવી લોહી બંધ કર્યું. કેસ હોપલેસ, અર્થાત્ જીવનની આશા ન જણાવાથી છેવટની વેળાએ છેલ્લો ઉપાય અજમાવવામાં આવ્યો. છેલ્લી ઘડીએ મોતીની આંખો જરાક ઉઘડી. તેની તરફ જોઇ દેવેન્દ્ર બોલ્યો. "મોતી બ્હેન ! આ તમારી માળા હું મેળવી લાવ્યો છું. તમારે વીલ કરવું છે ?"

"મા...ળા મ્હારી મનોરમાને આપજો. મિલ્કત...તમામ... તમને...ઇનામમાં..."

"તમારું ખૂન કોણે કર્યું?" પ્રભુના ધામ જતી મોતીને ઢંઢોળી તેની આંખ ઉપર પાણી છાંટતા દેવેન્દ્રે છેલ્લો સવાલ પુછયો.

"મો...મો...હ...ન...લા...લ..."

"દુધ પાઇને પાળેલો સાપ! એજ મણિલાલ."

"મણિલાલ પોતાને ધાર્યા કરી બારોબાર મોતીને મકાને આવેલો હોવો જોઇએ. પોતાની પાછળ ડિટેકટીવ છોડાવનાર મોતીને તેણે પોતાના તથા મનોરમાના ભેદી છળિયાસથી વાકેફગાર કીધા પછીજ તેનું ખૂન કરેલું હોવું જોઇએ." એવી એવી અનેક અટકળો બાંધતો દેવેન્દ્ર આ છેલ્લા મૃત્યુ ઉપર છેવટના બે આંસુ વહાવી રહ્યો

મોતીના કાળજાની આરપાર મણિલાલનુ ખંજર ઉતરી ચૂકયું હતું. દેવેન્દ્રની તમામ અટકળો સાચી હતી.

પોલિસ કમિશ્નરે તમામના દેખતાં મોતીના છેલ્લા શબ્દો નોંધી લીધા. મોતીના શબને ઠેકાણે કરી દેવેન્દ્ર દુઃખી દીલે હારે તળુ મારી પોતાને ઘેર પાછો ફર્યો.

બનેલી તમામ બીના અથથી ઇતિ પર્યંત કહી સંભળાવી. તેણે મનોરમાના ગળામાં એ મોતીની માળા નાખી. "એ ખૂની મણિલાલને પાતાળમાંથી પણ જીવતો પકડી લાવવાની ભયંકર પ્રતિજ્ઞા કરી." ડિટેકટીવ દેવેન્દ્ર બ્હાર જવાને તૈયાર થયો. તેજ વખત મનોરમા તેના પગમાં પડી. "દેવેન્દ્રબાબુ! મ્હારા બાપૂને હવે જતા મૂકો."

"પરન્તુ...મોતીનુ ખૂન..."

"મ્હારી માએ! તમારી બ્હેને તમને છેલ્લા શબ્દો શું કહ્યા હતા? તમે એને શું વચન આપ્યું હતું? યાદ કરો."

દેવેન્દ્ર ફરી મ્હાત થયો. મગજની ડામાડોળ અને અસ્થિર હાલતમાં એ પાછો ખુરસીમાં પડયો. થોડી વાર વિચાર કર્યા પછી એ પાછો ઉઠયો. "એને કશી મજા નહી આવવા દઉં...છતાં એક વખત મ્હારે એને મળવુ તો જોઇએજ. જીવતો પકડવો તો જોઇએજ. ન પકડાય "ત્યાં સુધી મોતીગૌરીની મિલ્કતમાંથી એક પાઇ સરખી પણ મ્હને હરામ છે." એમ સ્વગત મનમાં પ્રતિજ્ઞા કરી તે અલોપ થઇ ગયો.

જ્યારે રડતી મનોરમાને પોતાના પાસામાં દાબી મંજુલાલ આશ્વાસન આપવા લાગ્યો.

*   *   *   *   *

બીજી બાજુ મોતીનું ખૂન કરી ન્હાસેલો મણિલાલ દેવેન્દ્રના ડરથી અને કોપથી બચવા દોડી દોડી થાકી ગયો. બહુજ ચાલ્યા પછી તેને પાણીની પુષ્કળ તરસ લાગી. પરન્તુ તેની ચારે બાજુ ભયંકર જંગલ આવી રહેલું હતું.

કંઠે પાણીનો શોષ પડેલો છે, એવો એ લથડીઆ ખાતો, અને જળાશય શોધતો એક સન્યાસીની ઝુંપડી પાસે આવી આંગણામાં પડયો. "પા......ણી" તેના મુખમાંથી માંડમાંડ અવાજ નીકળ્યો.

માંહે વસતા એક જટાજુટધારી વૃધ્ધ અને જીર્ણકાય સંન્યાસી તેની બૂમથી બ્હાર આવ્યા. તે પાણી માગે છે, એ જાણતાંજ તેઓ પાછા અંદર દોડયા. એક પાત્રમાં પાણી ભરી તેઓ બ્હાર આવ્યા. "લે......"

મણિલાલે તે પાત્ર લેવા પોતાના કંપતા કરો લંબાવ્યા. બરાબર આજ વખતે મણિલાલના મુખ ઉપર પેલા સંન્યાસીની બરાબર

નજર પડી. તેના હાથમાંથી પાણીનો પ્યાલો નીચે પડી ઢોળાઇ ગયો.

"કોણ...તું...નરાધમ મણિલાલ !"

તરફડતા મણિલાલની મીંચાતી આંખો છેલ્લી વારને માટે બરાબર ફાટી. તેણે યોગીને ઓળખ્યો. "હા...અને...તમે................ પા...ણી..." તે બેહોશ થઇ ગયો.

"હવે નહી મળે. તું તો પાણીનો તરસ્યો છે, પરન્તુ હું તો ત્હારા લોહીનો તરસ્યો છું."



આ વાર્તાના અનુસંધાનમાં "શયતાની લીલા." વાંચો.

આજકાલની નવીન પાનગીઓ.

સચિત્ર–:છૂપી પોલિસના પરાક્રમોથી ભરપૂર વાર્તાઓઃ–સચિત્ર.

સરોવરની સુંદરી. ભાગ ૧+૨. મૂલ્ય રૂ. ૧–૮–૦

લેડી રાજકુમાર યાને કિસ્મતનો ચમત્કાર.

ત્રીરંગી ચિત્રનું ટાઇટલ. પૃષ્ટ ૨૪૦ ૧–૮–૦

ચોકટનો એકકો યાને તેર પાનાની કેટ. ૦–૮–૦

લાલનો એકકો યાને વીર લુટારૂ. ૦–૮–૦

ખૂની કોણ?–ડિટેકટીવ દેવેન્દ્રના પરાક્રમોથી ભરપૂર– ૦–૮–૦

એ બુરખાવાળી કોણ? યાને નિહિલિસ્ટના પંજામાં. ૦–૧૨–૦

મોહનનું મુડદું યાને અદ્‌ભુત ખુન. ૦–૮–૦

મોહીની મરીયમ ઉર્ફે ડાકુની દીકરી. ૦–૮–૦

રાક્ષસી કૂતરો કિંવા કાળદૂત. ૦–૮–૦

ડૉકટર કે દૈત્ય?—વેશધારી સફેદ ઠગોના શય-

તાનીયતભર્યાં સાહસોથી ભરપૂર— ૦–૮–૦

મ્હોબત કે ખૂન?–એ બેમાં શું સરસ છે?

તે વાંચીને ખાતરી કરો. ૦–૮–૦

અજબ ખૂન. આ લેડી ખુનનો ખુની પણ અજબ છે. ૦–૬–૦

હનુમાનની મૂર્તિ યાને ચકકરદાર ખુન.–ચકકરનો

ચમત્કાર બતાવતી બંગાળી નવલકથા ઉપરથી– ૧–૮–૦

ડિટેકટીવ કે દેવ?–જેમાં અદ્‌ભુત રસની સીમાજ નથી. ૦–૮–૦

જીવતી ચૂડેલ.–અદ્‌ભુત સ્ત્રીનાં અદ્‌ભુત સ્ત્રી–ચરિત્રો– ૦–૮–૦

સમાંવરની સુંદરી અને ગુલાબનું ફૂલ





વધુ માટે વાંચો:-પૃથ્વીરાજ ચૌહાણ અને હતભાગી હિંદુસ્તાન.